Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૮ • તા. ૧૮ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14

## શ્રી ક.દ.ઓ. સંઘ-ભાંડુપની યુવા પાંખ દ્વારા સંપર્ક સેતુ ડિરેક્ટરીનું વિમોચન અને સ્નેહમિલન












## જ્ઞાતિ ગૌરવ : ડો. યોગિનીબેન મૈશેરીને "ભારતજ્યોતિ" પુરસ્કાર એનાયત.



ડો. યોગિનીબેન વેરશી મૈશેરી M.D.(નાનીસિંધોડી-મુંબઈ)ને તેમના વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન બદલ તા.૧૪-૨-૧૨ના નવી દિલ્હીમાં રાષ્ટ્રીયસ્તરે પ્રતિષ્ઠીત **ભારત જ્યોતિ એવોર્ડ** એનાયત કરવામાં આવેલ.. હાર્દિક અભિનંદન..

## કોઠારા તીર્થે સાર્ધ શતાબ્દિ ધ્વજારોહણ ઉત્સવની ઝલક













## કાચીગુડા-હૈદરાબાદ અચલગચ્છ સંઘના શ્રી શાંતિનાથ દેરાસરે ૧૧મી વર્ષગાંઠ પ્રસંગે પુ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી અને કોટીગુણાશ્રીજી, ધ્વજારોહણના લાભાર્થી પરિવારો અને ભાવિકો















# હર્ષભર્યા હૈયાના હેતથી અભિનંદન... અભિનંદન...
# લોડાયા તથા દંડ પરિવારનું ગૌરવ





(વારાપધ્ધર-ભાંડુપ)

**ચિ. વીકી હર્ષદ લોડાયા (C.A.)**

**ચિ. વીકી** C.A. ફાઈનલમાં ઉત્તીર્ણ થતાં અમો સૌ કુટુમ્બીજનો ગૌરવ અનુભવીએ છીએ.. આ જ્વલંત સિધ્ધિ બદલ ખુબખુબ અભિનંદન...

**કુ. દીપા હર્ષદ લોડાયા (M.C.A.)**

**કુ. દીપા** Master in Computer Applicaitonsમાં Ist Classથી ઉતીર્ણ થયેલ છે. તેમજ T.C.S. માં ૪ વર્ષથી Software Engineer પદે કાર્યરત છે. Young Achiever's Awardથી સન્માનીત થયેલ છે.

આવીજ રીતે બન્ને ઉચ્ચ કારકીર્દી અને ઉજજવળ ભવિષ્યમાં ઉત્તરોતર પ્રગતિના સોપાન સર કરતાં રહો એવી શુભેચ્છા...

**~ શુભાશિષ ~**

દાદાણાં - હીમાબાઈ મુલચંદ લોડાયા પરિવાર (વારાપધ્ધર-ભાંડુપ)
નાનાણાં - મણીબાઈ ઘનજી દંડ પરિવાર (તેરા-કલ્યાણ)
માતા-પિતા : દમયંતી હર્ષદ લોડાયા

# મુનવર તથા દંડ પરિવારનું ગૌરવ





(કોઠારા-અંજાર)

**કુ. હિરલ વિજય મુનવર M.B.A. (H.R.)**

**કુ. હિરલે** Post Graduate Diploma in Business Management (Human Resources) માં ઉત્તીર્ણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

**કુ. મિરલ વિજય મુનવર B.Sc. (Fashion Designing)**

**કુ. મિરલે** Fashion Designing IInd Year માં Anamalai University (Gandhidham) માં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયેલ છે.

બન્નેને **હાર્દિક અભિનંદન.** આવીજ રીતે બન્ને ઉચ્ચ કારકીર્દી અને ઉજજવળ ભવિષ્યમાં ઉત્તરોતર પ્રગતિના સોપાન સર કરતાં રહો એવી શુભેચ્છા...

**~ શુભાશિષ ~**

દાદાણાં - ખેતબાઈ જવેરચંદ મુનવર પરિવાર (કોઠારા-ગાંધીધામ)
નાનાણાં - મણીબાઈ ઘનજી દંડ પરિવાર (તેરા-કલ્યાણ)
માતા : સ્વ. સરોજ વિજય મુનવર ● માસા-માસી : જયશ્રી હરેશ વિકમશી
પિતા : વિજય જવરચંદ મુનવર ● ભાઈઓ : વિરલ અને પ્રિયંક

## તંત્રી સમીપે જ્ઞાતિ મહાજનોનાં ઘર આંગણે પહોંચે છે "સમસ્ત મહાજન"...

સમસ્ત મહાજનનાં સેક્રેટરી જનરલ ચીમનભાઈ મોતા અને સાથી ટ્રસ્ટીઓ જ્ઞાતિના વિવિધ શહેર-નગરોમાં વસતા જ્ઞાતિજનોને સામે ચાલીને મળવા, તેમને "સમસ્ત મહાજન" એ જ્ઞાતિના બધા મહાજનોની બનેલી એક સંકલનલક્ષી સંસ્થા છે ને તેનો મૂળભૂત ઉદ્દેશ જ્ઞાતિને એકસુત્રમાં સુગ્રથિત રાખવાનો છે તેવી બુનિયાદી સમજ કેળવવા અને તે માટે સૌ સાથે બેસીને સમાજોપયોગી પ્રવૃત્તિઓના આયોજન અર્થે વિચાર-વિમર્શ કરે તેવો તખ્તો તૈયાર કરવા જુદા જુદા સ્થળે સંપર્ક બેઠકો ગોઠવવા, એકાદ વર્ષથી ચાલી રહેલા વિચાર-કલ્પનાઓને સાકાર કરવા તાજેતરમાં વડોદરા, ઇંદોર, નાગપુર, રાયપુર અને કલકત્તામાં આપણાં જ્ઞાતિજનો સાથે "જ્ઞાતિ સંપર્ક અભિયાન" સ્વરૂપે સ્નેહમિલન સ્તરની સભાઓ યોજી જેને ભરચક સકારાત્મક અને ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો તેથી સૌ વિચારશીલ જ્ઞાતિકર્મીઓ સમુચિત આનંદ ને સંતોષ અનુભવે તે સ્વાભાવિક છે, ખાસ એ કારણસર કે સમસ્ત મહાજન જેવી સંસ્થાની જરૂરિયાત કે ઉપયોગિતા વિષે શંકા સેવતા કે તેના અસ્તિત્વ-હાજરી વિષે કેટલાક વાંકદેખુઓ, ને બડેખાંઓ દ્વારા થતા અપપ્રચારને આ અભિયાનને લીધે આપોઆપ સજજડ જવાબ પણ મળી ગયો.

અલબત, આ સંપર્ક અભિયાન મુલતવી રાખવા સુચન થયા હતા પરંતુ ભૂતકાળમાં સમસ્ત મહાજનના આ રીતે અવારનવાર મુલત્વી રખાયેલ કાર્યક્રમ-પ્રવૃત્તિઓને કારણે સંસ્થાની પ્રતિમા વધારે ખરડાશે અને તેથી આ વખતે તેમાં કોઈ પાછીપાની કરવી પોષાય તેમ નથી તેવો દઢ નિશ્ચય કરીને ચીમનભાઈએ, જે પણ અન્ય ટ્રસ્ટીઓને શક્ય હોય તેમની સાથે આ દોર પ્રારંભ કરશે તેવો સંકલ્પ વ્યક્ત કર્યો તેથી આ બેઠકોનું આયોજન થઈને જ રહ્યું અને આ સંપર્ક બેઠકોમાં ફક્ત તે તે શહેરોના જ નહીં બલ્કે દૂર-સુદૂરના જેમ કે વાપી, વલસાડ, હાલોલ, અંકલેશ્વર, સુરત, ઉજ્જૈન, બુરહાનપુર, ખંડવા, ભોપાલ, ગોંદીયા, કાંટોલ, બુટીબોરી, સેંધવા, ધમતરી, ધુલિયા, લીલુઆના જ્ઞાતિજનો પણ-જેમાં મહિલા અને યુવાવર્ગ પણ પર્યાપ્તપણે સહભાગી થયા અને ટ્રસ્ટીઓ સાથે વિચારગોષ્ટિ કરવા ઉપસ્થિત થયા તે સમગ્ર જ્ઞાતિને એકછત્ર કરવાની વિચારધારાને જોરદાર પ્રતિધ્વનિત કરતી જ્ઞાતિ માટે બધી રીતે યોગદાન કરવાની તેમણે તત્પરતા દાખવી તથા આ રીતે સંપ-જુટથી રહેવા અને જ્ઞાતિઐક્ય માટે મન-ઉંડાણથી ઉર્મિ-લાગણીઓ વ્યક્ત કરીને સૌને અભિભૂત કર્યા તે જોતાં, ભલે મોડે મોડે પણ યોજાયેલ આ સંપર્ક અભિયાન માટે અને તે દ્વારા સમસ્ત મહાજનની પ્રતિમા ઉભારવા માટે ચીમન મોતા સર્વાધિક અભિનંદનના અધિકારી બને છે ને તેમના સાથી ટ્રસ્ટીઓ તિલોકચંદ દંડ, ચંદ્રેશ છેડા, મહેન્દ્ર મોમાયા અને ચંપક જીવાણી પણ સમુચિત યશ-અભિનંદનને પાત્ર બન્યા છે. તેમાં ય તિલોકચંદભાઈ તો શારીરિક અસમર્થતા હોવા છતાં કાર-વાહનમાં સૂતાં સૂતાં સફર કરીને ઇંદોરના સ્નેહમિલનમાં સહભાગી થયા તે પણ નોંધનીય છે.

આમ, જ્ઞાતિસંપર્ક અભિયાનમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓને દેશાવરોનાં જ્ઞાતિજનો દ્વારા, તેમના પ્રપિતામહ કાળથી વંશાનુવંશ મળેલ પંરપરાગત સહજ સ્ફૂર્ત આદર-સત્કાર-સભર આતિથ્યનો પરચો મળ્યો ને તેને વળતો પ્રત્યુતર આપતા હોય તેમ આ ટ્રસ્ટીઓએ વિનમ્રતા દાખવી, સમસ્ત મહાજને જ્ઞાતિ મહાજનો ને સંસ્થાઓ માટે સમન્વયકારી ભૂમિકા જ અદા કરવાની છે તે વાત અને "અમે તમને જ સાંભળવા આવ્યા છીએ ને તમારા વિચાર-મંતવ્યોને સમગ્ર જ્ઞાતિમાં વાચા આપવા અમે સંદેશવાહક બનીશું." તે મતલબની પ્રારંભિક પ્રસ્તાવના કરીને દેશાવરોનાં જ્ઞાતિજનોને નિરાંતે ભરપુરપણે સાંભળ્યા અને જ્ઞાતિના સર્વ મહાજનો સમકક્ષ સ્તરે સ્થાન ધરાવે છે ને સૌએ સંકલનલક્ષી ભૂમિકાને બળવત્તર બનાવવાની ફરજ નિભાવવાની છે એ વિચારધારાને દઢિભૂત કરી, જે સૌજન્યપૂર્ણ વ્યવહાર દાખવ્યો તેને અન્ય જ્ઞાતિકર્મીઓ પણ અપનાવશે


**આદ્યતંત્રીઓ**

"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ



**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા


**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**


નોંધઃ આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | - |


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : સવારે ૧૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

તેવી સહજ આશા સૌ વિચારશીલ જ્ઞાતિજનો રાખે તે સ્વાભાવિક જ છે.

આગામી ત્રણેક મહિનામાં, આ જ્ઞાતિ સંપર્ક અભિયાન હવે દક્ષિણ પ્રદેશોનાં, મહારાષ્ટ્રના અને પશ્ચિમ ભારતના જ્ઞાતિજનોને આંગણે પણ પહોંચશે તેવી આયોજના થઈ રહી છે તે જોતાં, થોડા સમય પહેલાં સમસ્ત મહાજને વિનોદભાઈ ધુલ્લાના કન્વીનરપદે, જ્ઞાતિના સર્વ મહાજનો, ટ્રસ્ટો ને સંસ્થાઓની જ્ઞાતિ પ્રગતિ અર્થે વિચારણા કરવા એક દિવસીય સંયુક્ત સભા બોલાવવા નિર્ણય લીધો હતો તેનો અમલ હવે છએક મહીના સુધી મુલત્વી રહેશે તેવું અનુમાન કરીએ તો તે પણ એક રીતે યોગ્ય થઈ રહ્યું છે તેવો સંતોષ લઈ શકાય, કારણકે આ રીતે લગભગ સમગ્ર જ્ઞાતિમાં સંપર્ક અભિયાન દ્વારા જે પૃષ્ઠભૂમિકા ઊભી થશે, તે પ્રસ્તાવિત સંયુક્ત સભામાં, વિષય વિચારણ માટે સ્પષ્ટ કાર્યસૂચિ અને સત્ર સમયાવધિ જેવી બાબતે ચોક્સતા પામશે ને નિર્ધારિત સમયમાં એ સંયુક્તસભા વધારેમાં વધારે પરિણામત્મકતા મેળવશે તે બધી રીતે ઉચિત થશે.

આ પ્રકારના સંપર્ક અભિયાનો એ દષ્ટિએ સાર્થક બને છે કે તેમાં અનૌપચારીક, નિખાલસ ને ખુલ્લા દિલની વાતચીતનો માહોલ હોવાથી, ઉપસ્થિત સૌ મુક્તપણે ચર્ચા-વિચારણામાં સહભાગી બનતા હોય છે, જેને કારણે કેટલીક ઉપયોગી પ્રવૃતિઓ માટે સૂચનો પણ થાય છે, તો જ્ઞાતિ સંસ્થાઓ વિષે ધારી લીધેલી માન્યતાઓ બાબતે કોઈક હકીકત દોષ કે ગેરસમજણ પણ દૂર થાય છે જેમ કે તાજેતરની આવી એક અભિયાન સભામાં સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓને એમ જણાવવામાં આવ્યું કે મુંબઈની અગ્રગણ્ય સાંઈઠેક વર્ષ જુની શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ તો ફક્ત મુંબઈના જ્ઞાતિ વિદ્યાર્થીઓને જ લોન-સ્કોલરશીપ સહાય આપે છે! તો અમારા બાળકોને શિક્ષણ સહાય મળે તે માટે જ્ઞાતિમાં કોઈ કેન્દ્રીય સંસ્થા હોવી જ જોઈએ. આમ શિક્ષણ જેવી અતિ મહત્વની બાબતે દુર વસતા જ્ઞાતિજનોમાં કોઈ ગેરમાન્યતા હોય તે બીના સમસ્ત જ્ઞાતિ માટે જેટલી પણ ક્ષોભદાયક ને આંચકાજનક ગણીએ તેટલી ઓછી છે, અલબત, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ એ અંગે સાચી હકીકતો રજુ કરી તે ગેરસમજણ દૂર કરી હતી. જ્ઞાતિ સંસ્થાઓ અને યોજનાઓની માહિતી આપી હતી.

આવી સંપર્ક સભાઓમાં, ટ્રસ્ટીઓને જે ફેરફાર સૂચનો થયા તેમાંથી બે ત્રણનો ઉલ્લેખ કરીએ તો મુંબઈની જ્ઞાતિ કિશોરીઓ માટે બહારગામના આપણાં વસવાટના જુદા જુદા શહેરો-નગરોમાં ચાર-પાંચ દિવસના પર્યટનો ગોઠવવા જેથી લગ્નાદિ બાબતે બહારગામ વિષેનો તેમનો સંકોચ દૂર થાય તેવી જ રીતે ૭થી ૧૨ વર્ષના વયજુથના બાળકો માટે પણ બે-ત્રણ દિવસના પર્યટનો કે મેળાઓ ગોઠવવા જેમાં તેમને જ્ઞાતિના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસા વિષે નાની વયથી જ માહિતગાર કરી શકાય. આ ઉપરાંત જ્ઞાતિના સર્વ મહાજનો, ટ્રસ્ટો ને સંસ્થાઓની મિલકતો તથા ઉપલબ્ધ ફંડો વિષેની તેમજ જ્ઞાતિ વિદ્યાર્થીઓના ચાલુ અભ્યાસ કે શૈક્ષણિક પદવી/યોગ્યતા વિષે તે જ્ઞાતિજનોના વેપાર-વ્યાવસાયક સંબંધી ડેટાબેઝ તૈયાર કરવાં ને તેને અપડેટ રાખવા સમસ્ત મહાજને કેન્દ્રીય વ્યવસ્થા ઉભી કરવી એવાં પણ સૂચનો થયા હતા.

સૌથી વિશેષ ઉલ્લેખનીય સુચન ને આગ્રહ એ હતો કે મુંબઈમાં એક અતિથીગૃહ સત્વરે બનવું જોઈએ જે માટે તેઓ પણ સારી માત્રામાં યોગદાન કરવા તત્પર છે. અને આ પ્રશ્ન ઘણાં સમયથી વણઉકેલાયો રહ્યો છે. નાના પાયે પણ આ જરૂરીયાત સંતોષાય તે માટે સૌ મહાજનો દ્વારા સાથે મળી પ્રયાસ કરાય તેવી આશા રખાઈ છે.

તાજેતરના, ઉપરોક્ત શહેરોની મલાકાત દરમ્યાન ત્યંના જ્ઞાતિજનોએ સમગ્ર જ્ઞાતિને એક સુત્રમાં જોડવા માટે દાખવેલ અપ્રતિમ ઉત્સાહને અનુલક્ષીને એમ જરૂર કહી શકાય કે સમન્વય ને સંકલનલક્ષી ભૂમિકા અદા કરવાનો ઉદેશ ધરાવતા સમસ્ત મહાજનને જ્ઞાતિજનો એક એવું વટવૃક્ષ બનાવી શકે છે જેની શાખા ને પ્રશાખામાં જ્ઞાતિના સર્વ મહાજનો, ટ્રસ્ટો, એકમો, યુવા ફોરમ, મહિલા મંચ, ઇત્યાદિ સંસ્થાઓ સમકક્ષ સહઅસ્તિત્વ ધરાવતાં હોય અને જેનાં પોષણદાયક ઉંડાં મૂળ જ્ઞાતિ ઐક્યને હંમેશા સબળ બનાવતા હોય.

આવા વટવૃક્ષનાં છાયડામાં દરેક જ્ઞાતિજન નિરાંત અને નિશ્ચિંતતા અનુભવી શકે એવાં જળ સીંચવા સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ સાતત્યપુર્વક સઘન પ્રયત્નો આદરશે?

– રા.


**વગર દવાએ સરળ ઉપચારથી**
**રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઇન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

।। શ્રી અજિત-શાંતિ-ચંદ્રપ્રભુસ્વામીને નમઃ ।।

## શ્રી કચ્છ સુજાપૂર અજિતનાથજી જૈન દેરાસર અને મહાજનશ્રી

પુનઃ પ્રતિષ્ઠા બાદ જિનાલયની પાંચમી વર્ષગાંઠે મુળનાયક શ્રી અજીતનાથજી, શ્રી શાંતિનાથજી, શ્રી ચંદ્રપ્રભુજીના જિનાલયે સાલગિરી પ્રસંગે નૂતન ધ્વજા ચડાવવાના લાભ સાથે આનંદ-ઉમંગે ઉજવણી થઈ.

**વિવિધ કાર્યક્રમ :** વસંત પંચમી તા.૨૮-૧-૨૦૧૨ના **અઢાર અભિષેક.** આખા દિવસની સાધર્મિકભક્તિના લાભાર્થી આયોજકો તરફથી મહા સુદ ૬ તા.૨૯-૧-૨૦૧૨ના પાંચમી ધ્વજારોહણનાં લાભાર્થી પરિવાર **ચી. ખુશ ભાવિક હંસકુમાર છેડા (ભાંડુપ).** ધ્વજારોહણનાં દિવસે આખા દિવસની સાધર્મિકભક્તિ તથા ધુવાબંધ ગામજમણનાં દાતા **માતુશ્રી મણીબાઈ વીરચંદ શાહ પરિવાર-ભુજ હ. શ્રી રાજુભાઈ તથા શ્રી અનિલભાઈ-અભિસારિકા અને જ્યોતિ એસ્ટેટ પરિવાર-ભુજ**

**★ સ્વખર્ચે નુતનીકરણ કરાવેલ કાર્યાલયના દાતા : શ્રી ઉમરશી મણશી ખોના હ. શ્રીમતી મધુરીબેન કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર) ઉદ્‌ઘાટક : શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા-વડાલા)**

**★ સ્વખર્ચે નુતનીકરણ કરાવેલ ઉપાશ્રયના દાતા : માતુશ્રી ચંપાબેન ઉમરશી ખોના હ. શ્રીમતી મધુરીબેન કીરીટ લક્ષ્મીચંદ લાપશીયા (રવા-ચેમ્બુર)**

**ઉદ્‌ઘાટક : માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા-વડાલા)**

**★ સ્વખર્ચે :** નુતનીકરણ કરાવેલ **અતિથીગૃહના દાતા માતુશ્રી મુરબાઈ ભવાનજી વર્ધમાન માતુશ્રી મમુબાઈ વશનજી ભવાનજી, શ્રીમતી જયાબેન હીરાચંદ વશનજી શાહ પરિવાર (માટુંગા)**

**ઉદ્‌ઘાટક : શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા અને શ્રીમતી જયાબેન હીરાચંદ શાહ**

### સુજાપુર ગામે સમાજને અર્પણ થયેલ ગામ મુખ્ય પ્રવેશદ્વાર

**-: ઉદ્‌ઘાટન સમારોહ અતિથી વિશેષો :-**

**શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા (રવા-ચેમ્બુર) ● શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા-વડાલા)**

અન્ય માન્યવરો : અબડાસા તાલુકા વિકાસ અધિકારી શ્રી વસ્તાની સાહેબ, સરપંચ શ્રી સુજાપુર ગ્રામપંચાયત-શ્રી જુવાનસિંહજી અને આ પ્રસંગે સમગ્ર સુજાપર ગામવાસીઓની ઉત્સ્ફુર્ત હાજરી રહી.

**ગામ પ્રવેશદ્વાર નિર્માણ દાતા : શ્રી વર્ધમાન શામજી ખોના (પવઈ) હ. શ્રી જયમન લેરીન ખોના પૂ.સા.શ્રી વિમલયશાશ્રીજી (દાદી મ.સા.)ની સ્મૃતિમાં... "વર્ધમાન પ્રવેશદ્વાર" - સુજાપુરનું** ઉદ્‌ઘાટન થયું.

તા.૨૯-૧-૧૨ના ધ્વજારોહણ બાદ શ્રી ખેતરપાળ દાદાની પહેડી પ્રસાદનું આયોજન થયેલ.

પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની પાવન નિશ્રા રહી. આ પ્રસંગે વિધિકાર-જ્યોતિષાચાર્ય શ્રી કેવલભાઈ સાવલા (મુંબઈ) સંગીતકાર શ્રી કિશોરભાઈ અને મંડળી રાત્રી ભાવનામાં ભક્તિગીતોની રમઝટ બોલાવેલ.

ધ્વજારોહણદિને વિશેષમાં **શ્રી અજિત-શાંતિ મહાઅભિષેક પુજન** ભણાવેલ. પ્રાયત : અચલગચ્છમાં સૌ પ્રથમવાર આ પુજન સુજાપર ગામે યોજાયેલ.

### ~ સંપુર્ણ આયોજનનાં દાતા પરિવારો ~

**માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોના (પવઈ) ● માતુશ્રી પ્રેમીલાબાઈ લક્ષ્મીચંદ વીશનજી છેડા (ભાંડુપ)**

**માતુશ્રી જયાબેન હીરાચંદ વશનજી શાહ (માટુંગા)**

આ પ્રસંગે આમંત્રિત મહેમાનો, સુજાપુરવાસીઓ અને પધારેલ સર્વેએ તન, મન અને ધનથી સાથ સહકાર આપેલ. આ પ્રસંગે મુંબઈ-ભૂજ, આદીપુર, સુથરી, નલીયા અને તેરાથી મહેમાનો પધારેલ.

તા.૩૦-૧-૧૨નાં ગામમાં જય મા-જગદઅંબે **નવચંડી મહાપાઠ** હોમ-હવનનું આયોજન થયેલ. જ્યોતિષાચાર્ય શ્રી ગીરીશ મહારાજ (રવાપુર)એ વિધિ કરાવેલ અંબે મા ઉપાસક પૂ.થારાઈમાં ભાડા આશ્રમવાળાએ પધારી આશીર્વચન આપેલ. નવચંડી યજ્ઞથી ગામવાસી ભાવિકોએ પ્રસન્ન-પવિત્ર વાતાવરણ અનુભવ્યું.

**ખોના** નુખના **સુજાપુર** ગામે નમતા ભાવિકોના કુળદેવી શ્રી અંબેમાંની પહેડી પ્રસાદ અને આખો દિવસ ભક્તિથી ધર્મ મહોત્સવ ઉજવેલ. સર્વે કાર્યક્રમમાં ગામવાસીઓ તેમજ બહારગામથી પધારેલ મહેમાનોએ હર્ષોલ્લાસથી ભાગ લીધેલ.

તા.૨૬-૧-૧૨ના પ્રજાસત્તાકદિને સુજાપુરગામે નૂતન જીર્ણોધ્ધાર પામેલ **"શ્રી ક્ષેત્રપાલ દાદા"**ની પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ પણ ધામધુમથી ઉજવાયેલ અને ધુવાબંધ ગામજમણ રહેલ.

તા.૨૬-૧-૧૨ના સુજાપુર શાળા શિક્ષક શ્રી વાલાભાઈ, મુકુંદભાઈ તથા વિદ્યાર્થીઓ દ્વારા ધ્વજવંદન કરાયું. સરપંચ શ્રી જુવાનસિંહજી, શ્રી લેરીનભાઈ ખોના, શ્રી હસંકુમાર છેડાએ ધ્વજવંદન કરી સલામી આપી. શ્રીમતી નયનાબેન ખોનાની નીગરાની હેઠળ ધાર્મિક, સાંસ્કૃતિક નૃત્યનાટિકાઓ અને રમત ગમતની હરિફાઈઓનું આયોજન થયેલ. વિજેતાઓને ઈનામ વિતરણ શ્રી જયમન લેરીન વર્ધમાન ખોના પરિવાર તરફથી થયેલ કાર્યક્રમનાં અંતે નાસ્તો પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. સૌએ ઉમંગે ધ્વજારોહણ ઉત્સવ મનાવ્યો.

# પરબ

**શક્તિ સંજીવની સોસાયટી**

રજી. કાર્યાલય : ૯, જયંતવિલા, હીંગવાલાલેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭.

આયોજીત

**શ્રી લખ-લક્ષ્મી લુઠીયા જનસહાય ફંડ પ્રેરિત**

## હલો પરબ જે મસાલા મેળેમેં

**બારે માસ ભરવાલાયક શુધ્ધ વિણેલું અનાજ, મસાલા, સૂકવણી તથા હાથે બનાવેલી ખાદ્ય વસ્તુઓનું હોલસેલ ભાવે વિતરણ**

**દિવસ : ૨૧-૩-૨૦૧૨ બુધવાર બપોરે ૧ થી ૯ વાગ્યા સુધી**
**૨૨-૩-૨૦૧૨ ગુરૂવાર બપોરે ૧ થી ૯ વાગ્યા સુધી**
**સ્થળ : અનંતછાયા પટ્ટાંગણ, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર (ઇ), મુંબઈ-૭૭**

**ખાસ નોંધ :** ૧) જ્ઞાતિ બહેનોને વિનામુલ્યે સ્ટોલો આપવામાં આવશે. ૨) જે બહેનો પોતેજ ખાદ્યવસ્તુઓ બનાવતી હોય એમણે જ પરબનાં ટ્રસ્ટીઓનો સંપર્ક તા.૧૦-૩-૨૦૧૨ સુધી કરવો. ૩) અવનવી વિવિધ ખાદ્યવસ્તુઓના સ્ટોલો આવકાર્ય છે. ૪) અનાજ મસાલા લેવા પોતાના થેલાઓ સાથે લાવવા નમ્ર વિનંતિ.

**વિશેષ નોંધ :** પરબ તરફથી રાહતદરે **ફોર્ટીઝ હોસ્પીટલ,** (જુની વોકાર્ડ) મુલુન્ડ મધ્યે Full Body Check-up ની યોજના ચાલુ છે. જે માટે પરબનું સંપર્ક કરી નામ નોંધાવી સૌને લાભ લેવા વિનંતી છે.

## માનવજ્યોત ટ્રસ્ટ

### અપીલ

**કીડની ફેઈલ્યોર પેશન્ટ ટ્રાન્સપ્લાન્ટ થયા પછીની મદદ અર્થે અપીલ**

બહેને ભાઈને કીડની ભેટ આપી!

**શ્રી ગોવિંદ મોતાની** કિડની ફેઈલ્યોરમાં ટ્રાન્સપ્લાન્ટ દ્વારા બહેને ભાઈને કીડની આપી. તેને આ મુશ્કેલીમાંથી ઉગારી. હવે ટ્રાન્સપ્લાન્ટ પછીની મોંઘી દવાઓ લેવા આર્થિક સહાયની તાતી જરૂર છે.

સંસ્થાને મળેલું અનુદાન ૮૦ (જી)ને કરવેરા છુટને પાત્ર છે. આશરે રૂા.૪૦,૦૦૦/- જેટલી વધુ રકમ સંસ્થાએ લોનરૂપે ખર્ચી છે, મદદરૂપ થવા સૌને નમ્ર અરજી છે.

**-: સંપર્ક :-**
**કુલીનકાંત ચાંપશી લુઠીયા,**
**નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડો. આર.પી. રોડ,**
**મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૮૦.**
**ફોન ૨૫૬૭૩૫૮૭/૯૮૨૦૦૩૯૪૬૯**

## શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

## શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ

### હાર્દિક આમંત્રણ

શ્રી વાસુપુજ્ય સ્વામી જિનાલયના ૬૦મા ધ્વજારોહણ પ્રસંગે સકળ સંઘને સોમવાર **તા.૨૭-૨-૧૨નાં** સવારના ૯.૩૦ કલાકે પધારવા વિનંતી છે. આ પ્રસંગે પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.આ.ઠા. નિશ્રા પ્રદાન કરશે. સકળ સંઘને ધ્વજારોહણ બાદ સ્વામિવાત્સલ્યનો લાભ આપવા વિનંતી છે.

લિ. **મુલુંડ અચલગચ્છ જૈન સમાજ**
**ટ્રસ્ટીઓ,**
**પ્રમુખ : શ્રી દિપક ગોસર**
**માનદમંત્રી : શ્રી કિશોર મોતા**

।। શ્રી મહાવીરાય નમઃ ।।

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

કાર્યાલય : મે. ટ્રસ્ટીશ્રી, C/o. સી/૧૮, મમતા, શાસ્ત્રી માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-80. ફોન (022) 25606493

## વાર્ષિક સામાન્ય સભા અને પંચવાર્ષિક ચુંટણી

સર્વે જખૌ મહાજનશ્રીના સભ્યોને જણાવવાનું કે, મહાજનશ્રીનાં બંધારણ અનુસાર મહાજનશ્રીની વાર્ષિક સાધારણ સભા રવિવાર **તા.૨૫-૩-૧૨**ના બપોરે ૩ વાગે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા ક્રોસ રોડ, મુલુન્ડ વે)માં એકત્ર મળશે જેમાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરાશે. સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી છે.

### -: કાર્યસુચી :-

૧) ગત વાર્ષિક સભાની નોંધ લઈ બહાલી આપવા.
૨) તા.૧૨-૨-૧૨ના બોલાવાયેલ અને મુલત્વી રહેલ સભાની નોંધ લેવા.
૩) મહાજનશ્રી અને ટ્રસ્ટના વર્ષ ૨૦૧૦-૧૧ના વાર્ષિક અન્વેષિત હિસાબો રજુ કરી બહાલી આપવા.
૪) મહાજનશ્રી અને ટ્રસ્ટના પ્રવૃતિ અહેવાલ રજુ કરી બહાલી આપવા.
૫) મહાજનશ્રી અને ટ્રસ્ટની પંચવાર્ષિક ચુંટણી કરવા (જેની વધુ વિગત કાર્યાલયેથી જાણી લેવી.)
૬) મહાજનશ્રી અને ટ્રસ્ટ માટે માનદ્ અન્વેષકની નિમણુંક કરી તેમનું મહેનતાણું નક્કી કરવા.
૭) સભા પ્રમુખશ્રીની મંજુરીથી જે કંઈ રજુ થાય તેના પર ચર્ચા કરી નિર્ણય લેવા.

નોંધ : ૧) આ સભાની ખબર જ્ઞાતિપત્ર દ્વારા જાહેર કરેલ હોઈ સર્વે સભ્યોને જાણ થયા બરોબર ગણાશે. ૨) કોરમનાં અભાવે મુલત્વી રહેલ સભા ફરી એજ દિવસે, એજ સ્થળે નિયત સમયના અડધા કલાક બાદ મળી શકશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે. ૩) આ સભામાં બંધારણ વ્યાખ્યા મુજબ સભ્યો જ ભાગ લઈ શકશે. ૪) મુંબઈ, દેશાવર અને સ્થાનિક વિભાગના પ્રતિનિધિઓ ચુંટવાના છે. જેઓ અગાઉથી કાર્યાલયેથી ફોર્મ મેળવી, ભરી મોકલી શકશે, જે ફોર્મ માનદમંત્રીઓ ચુંટણી વ્યવસ્થાપકને સુપ્રત કરશે. ૫) વર્ષ ૨૦૧૦-૧૧ના હિસાબોની પ્રત કાર્યાલય ઉપર અગાઉ સુચનાથી જોઈ શકાશે.



।। શ્રી આદેશ્વરાય નમઃ ।।

# Shri Kutchhi Dasha Oswal Jain Gnati Mahajan, Mumbai

KDO દશાઓની નવી દિશા

# eduspark

let us light, the light within

Presents...

# APTITUDE TEST

**Eligibility : Students from Std. 9th to 12th & Higher Education**

*Date : 22nd April, 2012. Time 08.30 am to 1.00 pm. (Followed by Lunch)*

**Registration Forms Available At**

1. Shri Anantnathji Derasar, Mahajan Office (Masjid Bander)
2. Shri. Virji Laddha Vidhyarthi Gruh (Ghatkopar)
3. Hiten Lodaya (Anantnath Complex, Kanjurmarg)
4. Anant Siddhi Trust Office (Bhandup)
5. Stich-Ell (Sheetal Chhaya Bldg., Near Post Office, J.N.Road, Mulund (W)
6. KDO Griha Udyog Mandal (Dombivali)
7. KDO Mandal (Dombivali)
8. Download Form From : **www.kdomahajanmumbai.org**

(Registration is compulsory)
Last Date of Form Submission : 10-4-2011
Rs. 100/- Registration Fees Non-refundable

**Education Committee Convener :**
**Hemang Dharamshi**
**Paulomi Dharamshi - 9821335888**

**For Details Contact :**
Jatin Dharamshi - 9819844651
Kavita Dharamshi - 9870202227
Dipti Dharamshi - 8108032101

**Note : Compulsory attendance for the student who have taken educational loans from the trust.**

**Forms to be submitted only at Mahajans Office, Masjid Bunder**

# શ્રી કોઠારા મેરૂપ્રભ જિનાલયને ૧૫૦ વર્ષ પુરા થતાં તેનો સાર્ધ શતાબ્દિ ધ્વજારોહણ કાર્યક્રમ ઉજવાયો.

ઉંચાઈ, ભવ્યતા, વિશાળતા અને કલા-કારીગરી અને અદ્‌ભુત શિલ્પકામથી શોભતા દેવવિમાન તુલ્ય **શ્રી કોઠારા મેરૂપ્રસાદ જિનાલય**ને ૧૫૦ વર્ષ પુરા થતાં તેનો સાર્ધ **શતાબ્દિ ધ્વજારોહણ** બે દિવસીય કાર્યક્રમ તા.૪-૨-૨૦૧૨ અને તા.૫-૨-૨૦૧૨નાં સળંગ ૪૩-૪૩ વરસીતપ આરાધક તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.** ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.મુનિ શ્રી રાજરત્નસાગરજી મ.સા., મુનિ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા., મુનિ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા., મુનિ શ્રી ક્લપતરૂ સાગરજી મ.સા., બાલમુનિ શ્રી અઈમુતાસાગરજી મ.સા. આદિ તથા પૂ.સાધ્વીશ્રી નંદીષેણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં આનંદ ઉલ્લાસ પૂર્વક યોજાયો હતો.

તા.૪નાં સવારે ૧૦.૩૦ કલાકે પૂજ્યશ્રી કોઠારા પધારતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. ન્યુ સુરેશ બેન્ડ-ભુજ, શણગારેલા કલાત્મક માટીનાં સુશોભિત ૫૧ બેડા, સફેદ વસ્ત્રોમાં સજજ શ્રાવકો તથા લાલ બાંધણીમાં સજજ શ્રાવિકાઓ, બેનરો-ધ્વજા-પતાકા સામૈયાનાં મુખ્ય આકર્ષણ રહ્યા હતા. સાંઘવથી પધારેલા પૂજ્યશ્રીએ કોઠારા જુથ ગ્રામ પંચાયતમાં પાવન પગલા પાડ્યા હતા. સરપંચશ્રી તથા પંચાયતનાં સર્વે સભ્યશ્રીઓને ગામમાં એકતા સંઘ-સંગઠન સાથે વિકાસના સુંદર કાર્યો થાય તેવા આશિર્વાદ પાઠવ્યા હતા. ધાર્મિક નારાઓ, ગહુંલીઓ, સાથે કોઠારા પંચાયતથી સામૈયાનો પ્રારંભ થયો હતો. ૫૧ બેડાંધારી બહેનોએ પૂજ્ય ગુરૂભગવંતશ્રીને ફરતે ગોળ રાઉન્ડ લગાવી તેઓને આવકાર આપ્યો હતો. ખાદી કેન્દ્ર, ભોજનશાળા, અતિથિગૃહ, ઉપાશ્રય માર્ગે થઈ પૂજ્યશ્રીની સ્વાગત યાત્રા જિનાલયે પહોંચી હતી. પૂજ્ય ગુરૂભગવંતશ્રીએ બેન્ડની સલામી ઝીલી હતી. સ્વાગતયાત્રામાં કોઠારા-નલીયા-સાંયરા-સુથરી-સાંઘવ-વરાડીયા તથા અન્ય ગામોનાં ભાવિકો પણ જોડાયા હતા. જિનાલયે પ્રભુ દર્શન-ચૈત્યવંદન યોજાયા બાદ વાજતે-ગાજતે પૂજ્યશ્રી ઉપાશ્રયે પધાર્યા ત્યારે "ગુરૂજી અમારો-અંતરનાદ અમને આપો આશિર્વાદ સાથે નારાઓ ગુંજી ઉઠ્યા હતા. પ્રારંભે પૂજ્યશ્રીનાં મુખે માંગલિક શ્રમણ થયું હતું. કુ. તોરલબેન શાહનંદે સ્વાગતગીત રજુ કર્યું હતું. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઠારા અને કોઠારા જૈન સંઘ વતી પ્રમુખ **શ્રી નલીનભાઈ અજાણી**એ સ્વાગત પ્રવચન કરતાં સૌને મીઠડો આવકાર આપ્યો હતો. મુંબઈ મહાજનશ્રીનાં ઉપપ્રમુખ વરાયેલા કોઠારાનાં **શ્રી સંજયભાઈ અજાણી**નું સન્માન મહાજનશ્રીનાં અધ્યક્ષ શ્રી નલીનભાઈ અજાણી તથા રાયચંદ લોડાયાનાં હસ્તે કરવામાં આવેલ.

મુંબઈથી પણ કોઠારા વાસીઓ આ ઐતિહાકિ પ્રસંગને માણવા માદરે વતન કોઠારા પહોંચ્યા હતા. બે દિવસીય કાર્યક્રમોની રૂપરેખા આપવા સાથે કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે કર્યું હતું. આ પ્રસંગે પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.એ જણાવ્યું હતું કે. તીર્થંકર અને ચક્રવતી બે શાસન ભોગવનાર પરમાત્મા કોઠારાતીર્થમાં બિરાજે છે. ગુરૂભક્તિ અને ગુરૂ પ્રત્યેના પ્રેમની સમજ પુરી પાડી હતી. સુખનો માર્ગ ત્યાગમાં છે. પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકર સાગરજી મ.સા.એ. "દેખો લેકિન પ્યારસે"નું મહત્વ સમજાવી દર્શનથી અને નાનકડા ગુણોથી થતા લાભો વર્ણવી જીવનમાં પુરૂષાર્થ કરવા જણાવ્યું હતું. ૨૦૩૩-૨૦૪૧નાં ચાર્તુમાસોની યાદ અપાવી હતી.

સવારે સામૈયા બાદ પ્રભાવના **શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી પરિવાર** તરફથી કરવામાં આવેલ. જિનાલયને સુશોભિત બનાવી લાઈટ-ડેકોરેશનની રોશની કરાવી પ્રભુજીની ભવ્ય આંગી રચના કરવામાં આવેલ.

તા.૪-૨ ના સવારે નવકારશી **શ્રી બિરેનભાઈ દેવજી નેણશી પાલાણી**, બપોરે સ્વામિવાત્સલ્ય શ્રીમતિ વિશાખાબેન બિરેન દેવજી પાલાણી, બપોરે ૩ વાગે ચા-નાસ્તો **શ્રીમતી સ્વાતિબેન જયદીપ દેવજી પાલાણી,** સંધ્યાભોજન **શ્રી જયદીપ દેવજી પાલાણી પરિવાર** દ્વારા યોજાયું હતું.

રાત્રે પ્રભુભક્તિમાં સૌ કોઈ તલ્લિન બન્યા હતા. સંગીતકાર બિદડાનાં શ્રી ચન્દ્રકાન્ત દેઢીયા એન્ડ પાર્ટીએ રાત્રિભાવનામાં ભારે રમઝટ બોલાવેલ. ભાવના દરમ્યાન દેરાસરજીનાં ઉચ્ચ શ્વેતશિખરો ઉપર ધ્વજા ચડાવવાનાં ચડાવાઓ બોલવામાં આવેલ. જેનો લાભ ભાગ્યશાળી પરિવારોએ હોંશે હોંશે લીધો હતો.

મુળનાયક શાંતિનાથ પ્રભુજીની ધ્વજા ચડાવવાનો લાભ **માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી ધનજી અજાણી પરિવારે**, આદેશ્વર ધ્વજાનો લાભ **માતુશ્રી પ્રેમાબાઈ લાલજી શામજી અજાણી પરિવારે**, મુનિસુવ્રત સ્વામિની ધ્વજા ચડાવવાનો લાભ **માતુશ્રી દેવકાબાઈ નેણશી માણેજી ધરમશી પરિવારે** જ્યારે રંગમંડપ ઉપર ધ્વજા ચડાવવાનો લાભ **માતુશ્રી લક્ષ્મીબેન શીવજી શામજી લોડાયા પરિવારે** લીધો હતો.

તા.૪ રાત્રિ ભાવના દરમ્યાન આરતી ઉતારવાનાં ચડાવાનો લાભ **સંજયભાઈ રતિલાલ ધનજી અજાણી પરિવાર**, મંગલદીવાનો લાભ **માતુશ્રી ગંગાબાઈ ચાંપશી મોતા** અને **માતુશ્રી ખેતબાઈ ચાંપશી ધરમશી પરિવારોએ** લીધો હતો.

તા.૫ સવારે ૭.૩૦ કલાકે સત્તરભેદી પૂજા ભણાવવાનો પ્રારંભ થતાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો મુખ્ય ગંભારામાં પ્રભુભક્તિનાં રાસ રમી નાચી-ઝુમી ઉઠ્યા હતા. સંગીતમય વાતાવરણ વચ્ચે ચડાવા લેનાર ભાગ્યશાળી પરિવારોએ ધ્વજાઓને પૂજા થાળીમાં લઈ માથે ચઢાવી, મંત્રોચ્ચાર વચ્ચે દેરાસરજીને પ્રદક્ષિણાઓ કરી હતી. બપોરે ૧૨ વાગ્યા પછી શુભમુર્હતે જિનાલયનાં ઉંચા શ્વેત શિખરો ઉપર ૧૫૧મો ધ્વજારોહણ થતાં જ ભાવિકોનાં ચહેરા હર્ષોલ્લાસ સાથે આનંદીત બન્યા હતા. અને સૌ એકબીજાને ભેટી પ્રસંગનો અનેરો આનંદ વ્યક્ત કર્યો હતો. જિનાલયનાં ઉપરનાં ભાગે શિખરો નજીક પહોંચી ભાવિકોએ વિવિધ શિખરો ઉપર ધ્વજારોહણ કર્યું હતું. સમગ્ર વિધિવિધાન-મંત્રોચ્ચાર વિધિકાર શ્રી ચંદ્રકાન્તભાઈ દેઢિયા બિદડાવાલાએ કરાવેલ.

તા.૫ના ધ્વજા ચઢાવવા પહેલાં વીતેલા વર્ષની છેલ્લી આરતીનો લાભ **શ્રી દેવજીભાઈ નેણશી પાલાણી પરિવારે**, મંગલદીવાનો લાભ **શ્રી નલીનભાઈ કેશવજી અજાણી પરિવારે**, શાંતિકળશનો લાભ **માતુશ્રી કાંતાબાઈ ગોવિંદજી ધનજી અજાણી પરિવારે** તથા **માતુશ્રી ગંગાબાઈ ચાંપશી ચત્રભોજ મોતા પરિવારે** લીધેલ.

જિનાલયે ૧૫૧મી ધ્વજારોહણ થયા બાદ પ્રભુજીની પ્રથમ આરતી ઉતારવાનાં જડાવાનો લાભ **માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી પરિવારે** જયારે મંગલદીવાનો લાભ **શ્રી કોઠારા જૈન મિત્ર મંડળે** લીધો હતો.

તા.૫-૨ના સવારે નવકારશી **માતુશ્રી કાન્તાબાઈ ગોવિંદજી અજાણી પરિવાર** જ્યારે બપોરે સ્વામિવાત્સલ્ય **માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ પરિવાર** દ્વારા યોજાયું હતું.

ધ્વજારોહણ કરી સકલ સંઘ ઉપાશ્રયે પહોંચી પૂજ્ય અચલગચ્છાધિપતિ આ. દેવ શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., ગણિવર્યશ્રી, તથા આદિ શ્રમણ-શ્રમણી વૃંદને વંદન કરી પ્રસંગની ખુશી અનુભવી પૂજ્યશ્રીઓનાં આશિર્વાદ મેળવ્યા હતા.

મુંબઈથી મહાજનશ્રીનાં પ્રમુખ **શ્રી નલીનભાઈ અજાણી ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ લોડાયા, ટ્રસ્ટી શ્રી હેમંત અજાણી, તેજલબેન અજાણી, દિનેશ લોડાયા, અનીલ મોતા, હંસાબેન મોતા, વીરચંદ ધરમશી, પ્રતાપ ધરમશી, કિરણ પાલાણી, લીનાબેન લોડાયા, લહેરચંદ લોડાયા, સંજય અજાણી**, અમદાવાદથી હરીશ મુનવર, ભુજથી જયાબેન મુનવર, કુલીન મુનવર, રેવંતી મુનવર, ૭૨ જિનાલયથી રતિલાલભાઈ લોડાયા તથા અન્ય ગામોથી પણ કોઠારાવાસીઓ પધારેલ. ગામનાં અગ્રણી શ્રી પ્રભાતસિંહજી જાડેજા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર વ્યવસ્થામાં પ્રબોધ મુનવર, ચંદ્રકાન્ત મુનવર, ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર, દિનેશ મોતા, ગુલાબ મોતા, વર્ધમાન લોડાયા, મુલચંદ મુનવર, મયુર નાગડા, હીરાલાલ જીવાણી, ખીમજી મોતા, પુષ્પાબેન અજાણી, જયાબેન શાહનંદ, રેવંતી સી. મુનવર, રમીલાબેન લોડાયા, વિમલાબેન લોડાયા, સરલાબેન મોતા, દીપેશ મુનવર, તથા કોઠારા જૈન મિત્ર મંડળનાં સ્થાનિક તેમજ મુંબઈનાં સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

શ્રી દેવજીભાઈ પાલાણી, શ્રી મુરજીભાઈ શાહ, મધુકાંતભાઈ લોડાયા, ઉત્તમભાઈ ખોના, ખુશાલભાઈ ખોના, કિશોરભાઈ સાંયા, તથા મુંબઈ-દેશ-દેશાવર વસતા કોઠારાવાસીઓએ જિનાલયનાં ૧૫૧મા ધ્વજારોહણ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

પૂજ્યશ્રી બપોરે બે વાગે જશાપર જવા વાંકુ સુધી વિહાર કરતાં સકલ સંઘ તેમને જખૌવાળા નાકા સુધી મુકવા ગયેલ.. વર્ષો જૂના વડનાં છાંયડા નીચે પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવી કોઠારા સંઘને આશિર્વાદ પાઠવી વિહાર કર્યો હતો.

॥ શ્રી અંબાઈ માતાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ - તેરા એવમ્
# શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર યુથ ફોરમ આયોજીત



## અંબે માં સમુહ પહેડી અને સ્નેહમિલન પ્રસંગે હાર્દિક આમંત્રણ



**ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકો જોગ,**

કુળદેવીમાં અંબાઈમાંની સમૂહ પહેડી ચૈત્ર સુદ ૩ને રવિવાર **તા.૨૫-૩-૨૦૧૨**ના શુભ દિવસે **યોગી સભાગૃહ** (સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, દાદર સે.રે.સ્ટેશનની સામે) ખાતે સવારના ૯.૩૦ થી બપોરના ૩.૩૦ સુધી યોજવામાં આવેલ છે.

**પહેડીના લાભાર્થી પરિવાર : માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા (વારાપધર-મુલુંડ)**

પહેડીની શરૂઆત સવારના ૯.૩૦ ક.ના માતાજીની સંગીતમય આરાધનાથી થશે. મુંબઈની જાણીતી સંગીત મંડળી એવં કોમ્પેરેર માતાજીની આરાધનામાં આપ સૌને રસ તરબોળ કરી દેશે. પરિવારની બહેનો પણ ગરબામાં ભાગ લેશે. પહેડીના જુહાર અને આરતી બાદ, મોતા પરિવારના યુવાઓનું **સરસ્વતી સન્માન** એવં **બહુમાન / એવોર્ડથી સન્માનિત પરિવારના સભ્યોનું અભિવાદન** કરાશે. પ્રસાદના વીરામ બાદ બપોરના ૨.૦૦ ક. થી ૩.૩૦ સુધી દાંડિયારાસનો કાર્યક્રમ રખાયેલ છે. ટ્રેડીશનલ ડ્રેસ એવં રમત માટે લકી ઇનામો અપાશે. કપડા બદલવા રૂમોની સગવડ છે. **રવિવારના રેલ્વે મેગાબ્લોકની પરેશાનીથી બચવા સૌને સવારના સમયસર પધારવા વિનંતી છે.** બહારગામ વસતા પરિવારજનોને સામુહિક અર્ચના / આરાધનામાં પધારવા ખાસ આમંત્રણ છે.

● **સરસ્વતી સન્માન** : મોતા પરિવારના એકેડેમીક વર્ષ ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ માં દસમી (પ્રથમ બે), બારમી (પ્રથમ બે) અને ગ્રેજ્યુએટ કે તે બાદની પરીક્ષામાં સફળ થનારા (બધા) યુવાઓનું મોમેન્ટો દ્વારા અભિવાદન કરાશે. ધોરણ ૧૦ (૮૫% થી વધુ), ધોરણ ૧૨ (૮૦%થી વધુ), ગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ કે તે બાદની પરીક્ષા પાસ કરેલ સૌ યુવાઓને પોતાના માર્કશીટની નકલ **શ્રી કલ્પેશ મોતા**ને મે. મોતા ટ્રેડીંગ કું,૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ, ભરુચ સ્ટ્રીટ, દાણાબંદર, મુંબઈ-૪૦૦૦૦૯ સરનામે અથવા ફેક્સ નં.૬૬૩૭૦૦૫૭ પર પોતાના સરનામાં અને ફોન નં. સાથે તા.૧૭-૩-૨૦૧૨ સુધી મળી જાય તે પ્રમાણે મોકલવા વિનંતી છે. મોતા પરિવારના આશાસ્પદ યુવાઓનો અભિવાદન કરવાનો/મળવાનો લાભ મળે તે માટે હકારાત્મક અભિગમ રાખી સૌ જરૂરથી હાજર રહેશો. અન્ય વ્યવસાયિક કોર્સ પાસ કરેલ યુવાઓ માહિતી જરૂરથી મોકલે. વર્ષ દરમ્યાન કોઈ અનેરી સિદ્ધિઓ મેળવી હોય કે એવોર્ડ / ઇનામ મેળવ્યા હોય તે પણ જણાવશો.

● **નવરાત્રીમાં માતાજીની અર્ચના** - આરાધના માટે જરૂરથી તેરા સ્થાનકે પધારવાનું કરશોજી.

● માતાજીના સ્થાનકે જુના મંદિરના રૂમોમાં પરિવારજનો આરામ કરી શકે / નાહી ધોઈ પુજા અર્ચના કરી શકે તે સારું વિકસાવાયા છે. રહેવાની સગવડ પણ છે. સ્થાનકે પધારતા પરિવારજનોને યોગ્ય સગવડ મળે તે માટે મહેતાજીની નિમણુંક કરેલ છે. જેઓ ૨૪ કલાક ત્યાંજ હાજર રહે છે.

● નવા મંદિરમાં બિરાજમાન માતાજી એવં માતાજીની ફળીઓનો ફોટો દર્શનાર્થે જેમણે ન મેળવ્યો હોય તેઓ પહેડી દરમ્યાન મેળવી શકે છે. બહારગામ વસતા પરિવારજનો મુંબઈ રહેતા તેમના કુટુંબીજનોને જણાવી ફોટો મેળવી લે એવી વિનંતી છે. માતાજીની છબી ઘરમાં પધરાવી તેમની કૃપાદૃષ્ટિનો અહેસાસ જરૂરથી માણશો.

**લી. ક.દ.ઓ. મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ-તેરા એવં ક.દ.ઓ. મોતા પરિવાર યુથ ફોરમના સૌ પદાધિકારીઓ / કાર્યકરોના જય માતાજી વાંચશોજી**

સુવર્ણપંખી આનંદ બજાર પ્રસ્તુત કરે છે...

**એક્ઝીબીશન કમ સેલ**

લગ્ન તથા વિવિધ ઈવેન્ટસ ફંક્શનો માટે ખરીદવાનો **મહા ઉત્સવ.** સાડીઓ, જ્વેલરી, કુર્તીઓ, ડ્રેસ મટીરીયલ, ટપરવેર, ખાદ્ય વાનગીઓ, શરબત વગેરે ખરીદવા પધારવા જ્ઞાતિજનોને વિનંતી. સ્ટોલ બુકીંગ ચાલુ છે. વહેલો તે પહેલોના ધોરણે.

**સ્થળ : નપુ હોલ, તેલંગ રોડ, માટુંગા (ઈ)**
**તા.:૨૧,૨૨,૨૩ ફેબ્રુઆરી૧૨ સમય સવારે ૧૧થી૮**

સંપર્ક : **જીજ્ઞા લુઠિયા 7498032535, શ્રધ્ધા-9769505251**
નારી સમિતિના મેમ્બરોને ખાસ ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.

**"મનગમતા પાત્રની શોધ"**

જીવન છે જીવવા જેવું માણવા જેવું એમાં જો સાથી મળી જાય મનગમતું તો તો વાત જ શું કરવી.. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ.. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર. હજારો માઈલ ભલને દૂર હોય મનગમતું પાત્ર પણ આપ સહેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો.. તો આજે જ અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાનો લાભ લો.. **સંપર્ક :**

**દિપક કારાણી - 29674007/8/9/09969674905**
Register online on: www.asanjokutch.com/matrimonials

## પ્રથમ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જન્મ
૨૮-૪-૧૯૪૧



અરિહંતશરણ
૧૪-૨-૨૦૧૧

**સ્વ. વાસંતીબેન નવીનચંદ મોતા**
**(નલીયા-સુરત)**

સુખ દુ:ખમાં સદાય હસતા રહ્યા તમો,
સૌના હૃદયમાં વસતા રહ્યા તમો,
જીવનની અંતિમ પળો સુધી નિ:સ્વાર્થભાવે
ધૂપસળી જેવું જીવન જીવી ગયા તમો...

**: શોકાતુર :**

પુત્ર-પુત્રવધુ : **પિયુષ - વર્ષા**
દિકરી-જમાઈ : **સૌ. રૂપાંદે જયંત મહેતા**
**સૌ. કિરણ ભૂપેન મોમાયા**
પૌત્રી-દોહીત્ર - **ઝંખના, રાજીવ, આગમ**
**તથા શ્રી મેઘજી પાશ્વિર મોતા સમસ્ત પરિવાર**

## ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
૦૭-૭-૧૯૩૪



અરિહંતશરણ
૨૬-૧૨-૨૦૧૧

**સ્વ. શ્રી અમરચંદ હંસરાજ ડાઘા**
**(ગોએરસમા-ધુલિયા)**

તેઓશ્રી ગોએરસમા-બારોઈ મહાજનના વર્તમાન પ્રમુખ, શ્રી શિતલનાથ શ્વેતાંબર જૈન સંસ્થાન-ધુલિયાના ભુતપુર્વ ટ્રસ્ટી, શ્રી ક.દ.ઓ. મહાજન-ધુલિયાના ભુતપુર્વ પ્રમુખ તેમજ શ્રી ક.દ.ઓ. ધુલિયા બોર્ડીંગના સક્રિય કાર્યકર એવા **શ્રી અમરચંદ હંસરાજ ડાઘા**નું ધુલિયા મુકામે નિધન થતાં સમાજે એક સનિષ્ઠ સેવાભાવી કાર્યકર-માર્ગદર્શક ગુમાવ્યા છે. સદ્ગત આત્માને પરમ શાંતિ મળો એવી પ્રાર્થના અને દિવંગત આત્માને સકળ સંઘની ભાવભીની શ્રધ્ધાંજલિ...

લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ**
**તેના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યો**

# ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
૧૪-૧૧-૧૯૨૪



અરિહંતશરણ
૨૨-૧૨-૨૦૧૧

## સ્વ. શ્રી. કાંતિલાલ ખીમજી ગોસર

(બારોઈ-મુંબઈ)

તેઓ શ્રી ગોએરસમા-બારોઈ મહાજનના માજી પ્રમુખ, મુંબઈ પાલીતાણા છ'રીપાલિત સંઘના સંઘપતિ શ્રી અનંતનાથજી દેરાસરજીમાં શ્રી ધર્મનાથ પ્રભુજી તેમજ શ્રી ભાંડુપ દેરાસરજીમાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ લેનાર, શ્રી બારોઈ દેરાસરના આજીવન ધ્વજારોહણનો લાભ લેનાર, ખૂબજ ધર્મનિષ્ઠ ઉંમરથી વધુ જવાન એવા સાચા કાર્યકર, પ્રેરણામુર્તિ, એવા **શ્રી કાંતિલાલ ખીમજી ગોસરનું** મુંબઈ મુકામે નિધન થતાં સમાજે એક સનિષ્ઠ કાર્યકર, માર્ગદર્શક ગુમાવ્યા છે. સદ્‌ગત આત્માને પરમ શાંતિ મળો એવી પ્રાર્થના અને દિવંગત આત્માને સકળ સંઘની ભાવભીની શ્રધ્ધાંજલિ... પરિવારને શાંત્વના..

**પ્રાર્થયિતા**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ**

**તેના ટ્રસ્ટીઓ પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યો**

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## શા. દામજી મણશી દંડ (વરાડીયા)

અરિહંતશરણ : ૧૮-૨-૨૦૧૦

સૌમ્ય અને સદાય પ્રસન્ન ચહેરો, સમસ્ત પરિવાર પ્રત્યે
સ્નેહ અને સમર્પણ ભાવ, સર્વજન પ્રત્યે સદ્‌વ્યવહાર,
ધર્મપરાયણતા અને સંસ્કાર સિંચન...
અમારા હૃદયમાં આપના વ્યક્તિત્વની છબિ સદાય અંકિત થઈ જીવંત રહેશે.

**~ શોકાતુર ~**

**માતુશ્રી નેણબાઈ મણશી કાનજી દંડ સમસ્ત પરિવાર (વરાડીયા)**

# પરિચય-પ્રકાશ : સૌ. ફ્રેનલ રીષી લોડાયા (કોઠારા-નાગપુર)

સામાન્યતઃ આજે મુંબઈ માયાનગરીનો મોહ આપણને સૌને એટલી હદે છે કે મુંબઈ છોડવા પણ ઇચ્છીએ તો



નથી છોડી શકાતું. દિકરીઓ પણ પોતાનું કેરીયર છોડવા તૈયાર નથી. એનાથી ઉલટ આજે અનેક દિકરીઓ મુંબઈની ૧૦'x૧૦'ની રૂમ છોડીને દેશાવરમાં 2 BHK ફ્લેટ કે સ્વતંત્ર બંગલામાં પોતાના કેરીયર સાથે સુખી અને સાધન સંપન્ન જીવન વીતાવે છે. એનું એક ઉદાહરણ છે : **સૌ. ફ્રેનલ રીષી લોડાયા.**

સૌ. ફ્રેનલનો જન્મ જુન ૨૮, ૧૯૮૦માં મુંબઈ મુકામે થયો. તેઓ કાશ્મીરાબેન નરેન્દ્ર ધરમશી (સુથરી-મુંબઈ)ના દિકરી.

મુંબઈની SNDT કોલેજમાંથી BHSC (Basic-Nutrition) 2001માં કરેલ. એમના લગ્ન ડૉ. રીષી સત્યેન્દ્ર લોડાયા સાથે થયા. ત્યારે રીષીભાઈ નાગપૂર પાસે કોરાડી ગામમાં થર્મલ પૉવરની કોલોનીમાં રહેતા હતા.

પતિ ડૉક્ટર, સસરાજી સત્યેન્દ્ર મુલજી લોડાયા, થર્મલ પૉવર-કોરાડીમાં એકઝીકયુટીવ ઈજીનિયર પદેથી હાલ રીટાયર છે. સાસુમાં આશાબેન મોંટેસરીમાં શિક્ષિકા હતા. સંયુક્ત પરિવારમાં એ મુંબઈથી આવેલ દિકરી સુખી છે. સાસુ-સસરા, પતિ અને નાની બાળકી લગ્ન પછી ફ્રેનલબેને કોરાડીથી નાગપૂર રોજ આવાગમન કરીને M.Sc. કર્યું. જે લગ્ન પછી અભ્યાસની દૃષ્ટિએ ઉલ્લેખનીય વાત છે!

એમનું મુખ્ય ઉદ્દેશ્ય Fitness the need for excellence અને ભવિષ્યમાં પોતાના સ્વતંત્ર વ્યવસાયરૂપે ઓબેસીટી અને ફીટનેસ સેંટર ખોલવાનો વિચાર છે. લોકોને પૌષ્ટીક આહાર પ્રતિ જાગરૂક કરવું એમનો ઉદ્દેશ્ય છે.

તેમણે અનેક સંસ્થાઓ સાથે કામ કર્યા છે. હાલ તેઓ રોટરી ક્લબ-મુલુંડ(વે)માં ખજાનચી, શાસન સેવિકા મંડળ, સુમતિનાથ દેરાસર-નાગપુરમાં સદસ્ય, ક.દ.ઓ. મહિલા મંચ-નાગપૂરમાં જોઈન્ટ સેક્રેટરી, ન્યુટ્રીશિયન સોસાયટી ઑફ ઈંડિયા-હૈદ્રાબાદનાં સદસ્ય, ઇન્ડીયન ડાયબીટીક એસોસિએશનના સદસ્ય, ન્યુટ્રીનીસ્ટ એસોસિએશન ઑફ વિદર્ભના સદસ્ય, ઇન્ટર્ન ડાયટીયિન તરીકે યશોદા હોસ્પીટલ-સિકન્દરાબાદમાં ૨૦૦૫માં સેવા આપેલ. ઇન્ટર્ન ક્વાલીટી કંટ્રોલર તરીકે દિશા ફુડ્સ લી. હૈદ્રાબાદમાં ૨૦૦૪માં યોગદાન આપેલ.

ડાયટીશિયન તરીકે ઇન્દ્રાયણી સ્પેશ્યાલીટી હૉસ્પીટલ-નાગપુરમાં વર્ષ ૨૦૧૦થી કાર્યરત છે. મુંબઈના તલવળકરસ્માં પર્સનલ ટ્રેઇનર તરીકે વર્ષ ૨૦૦૨માં કામ કર્યું. નાગપૂરનાં તલવળકર જીમમાં મુખ્ય ડાયટીશિયન તરીકે કામ કર્યું.

જનરલ ઑફ ડેયરીંગ ફુડ એન્ડ તેમ સાયન્સમાં પેપર પબ્લિશ કર્યું. વોલ્યુમ 27, Issue I માં પેપર પબ્લિશ કર્યું છે. વિવિધ ઠેકાણે વિવિધ પદોપર કામ કર્યા છે.

પેડીકોન ૨૦૦૫માં કલકત્તા, ઈન્ડીયન ડાયટીક એસોસિએશન કોન્ફરન્સ-૨૦૦૪ દિલ્હી XXY Biennial કોન્ફરન્સ ઑફ હોમ સાયન્સ એસોસિએશન ઑફ ઈંડિયા-નાગપુર ૨૦૦૩માં સેમીનારમાં ભાગ લીધેલ. એવી રીતે અનેક સેમીનારોમાં ભાગ લીધેલ છે.

હાલ તેઓ આ ક્ષેત્ર ઇન્ટરનેટ ઉપર કન્સલ્ટીંગ કરે છે. અને નેશનલ ડાયબીટીશ એજ્યુકેયર પ્રોગામમાં કાર્યરત છે.

જ્ઞાન, કલા, ગુણ હોય તો નાના ગામમાં રહીને પણ કંઈ કાર્ય કરી શકાય. શિક્ષણ હોય તો ક્યાં પણ નામ દીપાવી શકાય. એટલે મુંબઈના વડીલો જાગો, આપણી દીકરીઓને દેશાવરમાં પણ કારકીર્દી છે તે માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

**- સૌ. ખમા (પુનમ) પ્રફુલ મોમાયા** (નાગપુર)

---

**C.A.માં ઝળહળતી સફળતા બદલ હાર્દિક અભિનંદન!**



**ચિ. હિમાંશુ કાંતિલાલ નાગડા**

**(તેરા-ગાંધીધામ)**

ચિ. હિમાંશુએ શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં અભ્યાસ કરીને C.A. Final ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરી અમારા સૌનું ગૌરવ વધાર્યું છે આ જ્વલંત સિદ્ધિ બદલ ખુબ ખુબ હાર્દિક અભિનંદન.

**-: શુભાશિષ :-**

દાદા-દાદી : **સ્વ. ધનબાઈ કલ્યાણજી ખેતશી નાગડા**
નાના-નાની : **સૌ. નિર્મલાબેન ગોવિંદજી રતાણી (લોડાયા)**
માતા-પિતા : **સૌ. પ્રેમીલાબેન કાંતિલાલ નાગડા**
બહેન : **ચિ. હિરલ કાંતિલાલ નાગડા**
બનેવી : **ચિ. મિથુન રાયચંદ જીવાણી**

## હાર્દિક અભિનંદન !



**ચિ. તેજસ જ્ઞાનચંદ તેજપાલ લોડાયા (રતાણી)**

(તેરા-ડોંબિવલી)

***મનસુબો કરે તેને રસ્તો મળે છે***
***રસ્તો મળે તેને મંજીલ મળે છે***

અમારા ચિ. તેજસને C.A. થવા બદલ હાર્દિક અભિનંદન. જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એજ શુભકામના...

**~ શુભાશીષ ~**

મમ્મી : **જયાબેન જ્ઞાનચંદ લોડાયા**
નાનાણા : **મુરબાઈ માણેકજી કલ્યાણજી મોતા** (ધુફી-જલગામ)
માસી : **ભાગ્યવંતી હીરાચંદ મોમાયા** (સાંયરા-જલગામ)
**કાંતાબેન વીરચંદ છેડા** (નલીયા-ડોંબિવલી
**અરૂણા રાજેન્દ્ર લોડાયા** (નલીયા-ચોપડા)
**પ્રેમીલા કીરીટ ખોના** (નલીયા-ભાંડુપ)
ભાઈ-ભાભી : **સ્વાતિ પારસ લોડાયા**
**મયુર** તથા **ભાવેશ**


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

ગુરૂવાર બંધ


## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાંઢિયા

આપણાં ગામજ્ઞાતિજનોની જનરલ સભા રવિવાર **તા.૮-૪-૨૦૧૨**ના સાંજે ૪ વાગે શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપૂંજ, વાલજી લધા ક્રોસ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦માં રાખેલ છે. ગામ જ્ઞાતિજનોને સમયસર હાજર રહેવા વિનંતી.

**-: એજન્ડા :-**

૧) ઉપાશ્રયનાં જીર્ણોધ્ધાર વિશે ચર્ચા વિચારણા.
૨) અતિથિગૃહ બનાવવા વિશે ચર્ચા વિચારણા.
૩) સભાના પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે વિશે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાંઢિયા વતી**

**~ ટ્રસ્ટીઓ ~**

શ્રી રાજેન્દ્ર કુંવરજી લાલા-બાંઢીયા-9427433348
શ્રી નરેન્દ્ર રાઘવજી લોડાયા-અમદાવાદ-079-25433813
શ્રી લક્ષ્મીચંદ જીવરાજ લોડાયા-નાશીક-9370820077
શ્રી કિરીટ દામજી લોડાયા-ભાંડુપ-9930889806
શ્રી સંજય ખીમજી લોડાયા-મુલુંડ-9819765788

### ભુલસુધાર

ગતાંકમાં પાના-૫ ઉપર પાલીતાણા મહોત્સવની અનુમોદના જા.ખ.માં શરતચુકથી કચ્છ એકમના પ્રમુખ શ્રી પ્રવીણ નારાણજી દંડ છપાયું છે ને સુધારીને **શ્રી રમેશ નારાણજી દંડ** વાંચવું. ક્ષમાયાચના.

પ્ર.સ.અંક ૭ના મુખપૃષ્ઠપર સી.એ.જીગર રાજેશ નાગડાને અભિનંદન આપતી જાહેરાતમાં બહેનનું નામ **દીપલ** વાંચવું.

### અગત્યની સુચના

*અમે ફરીવાર યાદ અપાવીએ કે જે સરનામે પ્રકાશ સમીક્ષા આવતું હતું તે સરનામું બદલ્યું હોય તો નવું સરનામું મોકલવાની સાથે એ જુનું સરનામું પણ જણાવવું. વિગતવાર સુચના હશે તો અમે નવા નામ-સરનામા-ફોનની જાણ નિશુલ્ક પ્રસિધ્ધ કરીશું.*

### પાસ થયા – હાર્દિક અભિનંદન !

**સંદીપ મોતા – અમદાવાદ LL.B.(III)**


શુભેચ્છા સહ....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

।। શ્રી સચ્ચાઈ માતાય નમઃ ।।

**વરાડીયા (કચ્છ) મધ્યે બિરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની ડોમ્બીવલી નગરે છઠ્ઠી પહેડી પ્રસાદ પ્રસંગે**

**ભાવભર્યું આમંત્રણ**

**કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના હુકમથી વૈશાખ સુદ ૮ (આઠમ) રવિવાર ૨૯-૪-૨૦૧૨ના શુભ દિવસે પહેડીનું આયોજન કરવામાં આવ્યું છે આપ સર્વેને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**શુભ દિન : ૨૯-૪-૨૦૧૨ વૈશાખ સુદ ૮ (આઠમ) સમય : સવારના ૯ થી ૨ કલાકે...**
**શુભ સ્થળ : માઉલી હોલ (A.C.) City Mall, પેંઢારકર કોલેજની બાજુમાં, ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧૨૦૧.**

આ શુભ પ્રસંગે કુટુંબની નિયાણી બહેનોને સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. ભક્તિગીત તથા રાસગરબા સવારના ૧૦ થી ૨

**સંગીતકાર : શ્રી મનોજ કારાણી એન્ડ પાર્ટીના સથવારે**

**: પહેડીનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર :**

**માતુશ્રી ઝવેરીબાઈ ભવાનજી લખમશી દંડ પરિવાર-છાદુરા (નલીયા)**
**હસ્તે અ.સૌ. ભારતીબેન ભદ્રીચંદ દંડ પરિવાર-ડોમ્બીવલી**
**કુ. વંદના ભદ્રીચંદ દંડ**

**સંપર્ક : ભદ્રીચંદ ભવાનજી દંડ-૯૩૨૦૦૩૧૪૯૩ જયેશ દામજી દંડ-૯૩૨૪૬૪૪૯૪૫**
**કાર્તિક દંડ-૯૮૨૧૩૩૬૮૩૩ હીરેન દામજી દંડ-૯૩૨૩૪૩૫૩૩૯ વંદના દંડ-૯૮૧૯૦૩૧૪૯૩**

**અંતરની આરઝુ**

*સત્ય બન્યું અમ સોનેરી સમણું, અંતરમાં ઉછળે આનંદનું ઝરણું,*
*પહેડીની મંગલ ઘડી આવી, આમંત્રણની નોબત વાગી, નિમંત્રણને સ્વીકારી સ્નેહથી, પધારજો સૌ પ્રેમથી..*

(નોંધ : આઠમ હોવાથી જમણવારમાં લીલોતરીનો ઉપયોગ રહેશે નહીં)

---

**રત્નકુક્ષી માતુશ્રી સાકરબેન દામજી ગંગર (મેરાઉ)ને પ્રથમ માસ પુણ્યતીથિએ ભાવાંજલિ...**

એ વીર માતાને વંદન, શાસનને સોંપ્યા નંદન..
મહાત્યાગ કરીને એણે તોડ્યા છે જીવન બંધન...
મા, તું રત્નકુક્ષી ધારિણી, જીવન ઘડ્યું સુસંસ્કારી
તુજ શાસનપ્રેમ હતો ભારી, જીવનધારા અજવાળી..
પિતા વીરજીભાઈ ગોસર, માતા નેણબાઈનાં ભાગ્યોદયે,
સાકરબાઈનો જન્મ થયો, ગામ ગોધરા બહુ હરખાયે.
સાકરબાઈ સાકર, જેવા, મીઠા મધુરાં ફળ જેવા,
વચન એના તત્વ ભરેલા, જીવન દિશા ચિંધનારા.
ત્રણ ત્રણ પુત્રરત્ન થયા, જીવન ધન્ય ધન્ય થઈ જાય
પ્રથમ સુપુત્ર **સુરેશકુમાર**, ગકડા ગામે દિક્ષા લેવાય...
બીજા સુપુત્ર **ઉમેશકુમાર**, થાણા નગરીમાં દીક્ષા થાય,
"ઉદયરત્ન" નામે સંયમ ખ્યાત, શાસનના શણગાર બનાય...
દામજીભાઈ મહાતપસ્વી, હદયે દિક્ષા ભાવ જગાય
ભદ્રાવતીએ પ્રવજ્યા લેવાય, "ચારિત્રરત્ન" નામ અપાય
એક જિન સાહિત્ય સંશોધક, બીજા ધ્યાન યોગ સાધના પ્રેરક
ગુણવલ્લભ પ્રવચન પ્રભાવક, બાપા મહારાજ તપ આરાધક
જીવનયાત્રાના અંતિમ દિને, આઠ-આઠ ચૈત્યોને વંદાયે.
નિજ ઘેર નવકારને સુંણતા માંનો જીવ સ્વર્ગે સિધાવે...
ધીરજ-કલ્પના રોજ સંભારે, પૌત્રો-પૌત્રી વહુ ગુણલા ગાવે,
બહેન-ભાઈઓ નિત્ય એ ભાવે, બહેના! મહાવિદેહને તું પાવે,
પ્રથમ માસિક વિધિએ આજે; માતુસ્નેહ બહુ યાદ આવે,
જગવલ્લભની પ્રાર્થના એજ, શીઘ્ર મોક્ષ પ્રાપ્તિ જીવ પાવે.

*- ચારિરત્ન ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ*




## આંતરજ્ઞાતિય સગપણ/લગ્ન

પ્રકાશ-સમીક્ષાના અંક ૪માં લક્ષ્મીકાંત બી. લાપસીયાનો અંગ્રેજીમાં ઇન્ટર કાસ્ટ મેરેજનો લેખ વાંચ્યો. આપણી જ્ઞાતિમાં હું લગભાગ ૩-૪ આંતરજ્ઞાતિય સગપણની માહિતી દરેક અંકમાં વાંચું છું અને એનું મને જરાય આશ્ચર્ય નથી.

આપણે આ માટે આજની આપણી જ્ઞાતિની છાકરીઓને પૂરી જવાબદાર ગણીએ છીએ. શા માટે? આપના વડીલોની આ માટે કેટલી જવાબદારી છે? આપણી જ્ઞાતિના છોકરાઓની પણ કેટલી જવાબદારી છે? શું આજના આપણાં યુવાન છોકરાઓ આંતરજ્ઞાતીય લગ્ન નથી કરતા? આજે પોતાના ૪ છોકરા છોકરીઓને આ કરતાં અટકાવ્યા? શું આપણાં વડીલો કોશિશ નહી કરતાં હોય? એમનો શું અભિપ્રાય છે? આપણે તે જાણવાની કોશિશ કરી? આપણાં જૈન ધર્મની જો થોડી-ઘણી પણ જાણકારી હોય તો આપણે અહિંસામાં માનનારા છીએ અને જો નોન-વેજનો અર્થ ખબર ન હોય તો પહેલાં એ જાણવો ખૂબ જ જરૂરી છે. આંતરજ્ઞાતીય લગ્ન જો નોન-વેજ સાથે હોય તો એ "જૈન" સમાજનો ન કહેવાય. પહેલાં આપણે "જૈન"ની વ્યાખ્યા શીખવી પડશે, જાણવી પડશે અને છતાં પણ આ ન જ અટક તો એની જવાબદારી આપણાં વડીલો અને ખૂદ છોકરા-છોકરીની છે. કાં પોતે જ અટકવું પડશે અથવા તેમનાં વડીલોએ અટકાવવું પડશે અને ન જ અટકે તો બીજો કોઈ જ વિકલ્પ નથી.

**- મુલુન્ડ, ૨૮-૧-૧૨** **- મયુર લાલજી મોતા**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

**સાંધવ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને**

**ભાવભર્યું આમંત્રણ**

સાંધવગામના લાલછતા પીરની પહેડી પ્રસાદ રવિવાર **તા.૮-૪-૨૦૧૨**ના સવારના ૧૦ કલાકે કુકરેજા હોલ, કુકરેજા કમ્પાઉન્ડ, અનંતસિધ્ધિની સામે, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વે)માં રાખવામાં આવેલ. પહેડી પ્રસાદનો લાભ **શ્રીમતી જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ પરિવાર** (સાંધવ-ભાંડુપ) એ લીધેલ છે. **સંપર્કસૂત્ર : 9820540949**

## Gen.Next : Life is a Gift

Today before you think of saying an unkind word-think of someone who cant speak.
Before you complain about the taste of your food-think of someone who has noting to eat
Before you complain about your husband/wife-think of someone who is crying out to God for a companion.
Today before you complain about life-think of someone how went too early to heaven.
Before you complain about your children-think of someone who desires children but they're barren.
Before you argue about your dirty house, someone didn't clean or sweep - think of the people who are living in the streets.
And when you are tired & complain about your job-think of the unemployed, the disabled & those who wished they had your job.
But before you think of pointing the finger or condemning another-remember that no one of us are without sin and we all answer to one maker.
And when depressing thoughts seen to get you down-put a smile on your face and think God you are alive and still around.
Life is a Gift-live it, Enjoy it, Celebrate it, and fulfill it !!

***- Kreny Lodaya*** (Aurangabad) 08149856404

**લગ્નસંબંધી**

ડીસેમ્બર'૮૧ જન્મ, ઉંચાઈ ૫'-૭", MCA માંગલીક, પુનામાં સર્વીસ કરતા યુવક માટે સંસ્કારી કન્યામાં વડીલો સંપર્ક કરે. મો.**09821487979**

**કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય**

જ્યોતિ

Silk Saree Emporium

૧૩૪/૩૬, બીજે માળે, ખાદીભંડાર ઉપર,
ખારા કુવા સામે, ઝવેરીબજાર, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : 22413995 / 22402786
Email : jyotisse@g.mail.com

***Sachi Jari Mate Real Nam***

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### આર્યરક્ષિત વિદ્યાપીઠ પરીક્ષામાં જ્ઞાતિ ઝળકી

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના ઉપક્રમે બે પ્રતિક્રમણ સુત્ર કંઠસ્થ અભિયાનની ધાર્મિક પરીક્ષાઓમાં નિમ્નલિખિત જ્ઞાતિજનો સફળ-ઉતીર્ણ થઈ પોતાનું પરિવારનું ગામ-પાઠશાળા-સંઘનું અને જ્ઞાતિનું નામ રોશન કર્યું છે. જય જેસલ ધરમશી (ગોએરસમા-મુલુન્ડ), કરણ નરેશ છેડા (તેરા-માટુંગા), હિત અશોક ડાઘા (વરાડીયા-વાશી), શ્રધ્ધા સંજય લોડાયા (સાંયરા-મુલુન્ડ), નેહા શૈલષ લોડાયા (તેરા-મુલુન્ડ), ખુશી મનીષ ભેદા (વારાપધર-મુલુન્ડ), સાક્ષી હિતેશ નાગડા (રાપરગઢ-મુલુન્ડ), પુજા ઉદય ધુલ્લા (સુથરી-ડોંબીવલી), ધન્વી વીરચંદ મૈશેરી (નાનીસિંધોડી-ડોંબિવલી), જિનાલી દેવેશ લાલકા (વારાપધર-થાણા) અને પાંચ પ્રતિક્રમણ સૂત્ર કંઠસ્થ અભિયાનમાં સૌ. ચાંદની પરેશ લાલકા (લાલા-વાશી) સફળ થયેલ. સર્વેને હાર્દિક અભિનંદન અને અનુમોદના.

### સમસ્ત મહાજનના જનસંપર્ક અભિયાનને જ્ઞાતિનો ઉત્સ્ફુર્ત આવકાર

પારેલા શતાબ્દિ મહોત્સવે પુનકાર્યાન્વિત કરાયેલ જ્ઞાતિ સમસ્ત મહાજનની ટીમને જનસંપર્ક અભિયાનના પ્રથમ ચરણમાં વરાડીયા, ગાંધીધામ, રાજકોટ, પારેલા બાદ હાલમાં વડોદરા, ઈંદોર, નાગપુર, રાયપુર અને કોલકતા બેઠકોમાં પણ ઉમંગ-ઉત્સાહભર્યો પ્રચંડ પ્રતિસાદ મળ્યો છે. સમસ્ત મહાજનના પ્રાથમિક તબક્કે બંધારણીય ગઠન કર્યા બાદ જ્ઞાતિજનોને મળવા, સમસ્ત મહાજનની પ્રસ્તાવના સમજ આપવા અને જ્ઞાતિના સામુહિક પ્રશ્નોને જાણવા જનજાગૃતિ-સંપર્ક અભિયાનના પ્રયોગમાં જ્ઞાતિનો ઉત્સ્ફુર્ત આવકાર મળ્યો છે. ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની પુનર્રચના કર્યા બાદ સમસ્ત મહાજને જ્ઞાતિ ડેટાબેઝ, સંસ્થાકીય ડીરેકટરી, પ્રોફેશનલ્સની ડીરેક્ટરી, જ્ઞાતિ રીતરિવાજ પરંપરા, જ્ઞાતિના શિક્ષાણ-મેડીકલ અને સાધર્મિક સહાયતાર્થે પ્રશ્નો સમજવા, જ્ઞાતિજનોને મદદરૂપ થવાની એક સરળ સચોટ (one window)સંકલિત સીસ્ટમ ઉભી કરવા, વ્યક્તિગત સામુહિક સામાજિક વ્યવહારિક ગુંચમાં શક્યતઃ કોર્ટ બહાર સર્વપક્ષીય ઉકેલ લાવવા પ્રયત્ન કરવા, બાળમેળા યોજી બાળપણથી જ જ્ઞાતિપ્રેમની ભાવના ઉભી કરવા, લગ્નોત્સુક પાત્રોની દેશાવળમાં વિભિન્ન સ્થળે મિલન પ્રવાસો યોજી ત્યાંની જીવનશૈલી જાણવા અને પરસ્પર જ્ઞાતિપ્રેમને વધુ સુદઢ કરવા, જ્ઞાતિ સંસ્થાઓ અને મહાજન પરંપરાને મજબુત બનાવવા, સૌ વચ્ચે સંકલન-સમન્વયની ભુમિકા રચી જ્ઞાતિજનોને મદદરૂપ થવાની ભાવનાથી પ્રવૃતિઓ-કાર્યક્રમની રૂપરેખા ઘડી કાઢવાનું નક્કી કર્યું છે અને સેતુરૂપ ભાગ ભજવવા કટિબધ્ધ છે. દરેક મહાજનને પોતાની પ્રવૃતિ યોજના, અહેવાલ અને વાર્ષિક હિસાબો નામ-સરનામા-ફોન, ઈમેઈલ એડ્રેસ, સંપર્ક સુત્ર વગેરે વિગતો નોંધાવવા અપીલ કરાઈ છે. સમસ્ત મહાજનની પ્રવૃતિઓ માટે જ્ઞાતિજનોના સુચન આવકાર્ય છે. જ્ઞાતિજનો/મહાજનોના જ્ઞાતિસંબંધી સુચનો પ્રશ્નો માહિતી લેખ “પ્રકાશ-સમીક્ષા”માં “સમસ્ત મહાજન” વિભાગમાં પ્રકાશિત થશે. જે માટે વિચારો લખી મોકલવા અનુરોધ છે.

જ્ઞાતિમાં પ્રવૃતિ પુનરાર્વતન નિવારણ, સંમેલન ઠરાવ અમલીકરણ, પરસ્પર સંપ, સંકલન-સહકાર રચવા કટિબધ્ધ છે. આગામી જનસંપર્ક અભિયાનમાં અમદાવાદ, જામનગર અને હાલાર વિભાગનાં ગામોને આવરી લેવાશે. ત્યારબાદ મહારાષ્ટ્ર એકમ ક્ષેત્રમાં પુના, નાશિક, ઔરંગાબાદ, જલગામ આદિ ક્ષેત્રોમાં સંપર્ક કરાશે અને ચોમાસા પુર્વે દક્ષિણ ભારત એકમ ક્ષેત્રમાં સંપર્ક બેઠકો યોજાશે જેમાં હુબલી-ગદગ, કોઈમ્બતુર-ચેન્નઈ, કલીકટ, કોચીન વગેરે સ્થળો આવરી લેવાશે. આગામી જનસંપર્ક બેઠકોમાં આસપાસના જ્ઞાતિજનોએ પણ સપરિવાર વિશેષતઃ યુવાઓ, મહિલાઓ અને કાર્યકર ભાઈઓએ સમ્મિલિત થવા વિનંતી કરાઈ છે.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જ્ઞાતિમાં સગપણ, લગ્ન, છુટા કે છુટાછેડા, વ્યક્તિગત વ્યવહારિક પ્રશ્નો જેવી બાબતોમાં બન્ને પક્ષને અલગ અલગ સાંભળી, સમજાવી અને કોર્ટ બહાર પ્રેક્ટીકલ ઉકેલ લાવવા પંચના સભ્યો દ્વારા પ્રયત્ન કરાશે.

દરેક સ્થાનિક મહાજનમાં જન્મ-સગપણ, લગ્ન, છુટાછેડા અને મરણ નોંધ રાખવા-જાળવવા અને સમસ્ત મહાજનને મોકલવા અનુરોધ છે.

સમસ્ત મહાજન પ્રારંભિક તબક્કે મુંબઈમાં અતિથીગૃહ ઉભારવા, જૈન માયનોરીટી પ્રશ્ને શાસન પાસેથી માહિતી મેળવી તેના લાભ ઉપલબ્ધ કરવા, કચ્છ-હાલારના દેરાસરો અને જ્ઞાતિના સામુહિક મિલ્કતોના પ્રશ્ને સંબંધિતો પાસેથી સહકાર મેળવી ઉકેલ લાવવા પ્રયત્નશીલ રહેશે.

આ જનસંપર્ક અભિયાનમાં મે. ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા, સેક્રેટરી જનરલ શ્રી ચીમન મેઘજી મોતા, ટ્રસ્ટી ચંપક જીવાણી જોડાયેલ અને મે. ટ્રસ્ટી શ્રી તિલોકચંદ દંડ ઇંદોર બેઠકમાં તથા ટ્રસ્ટી શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા-રાયપુર બેઠકમાં સહભાગી થયેલ.

આ ઉપરાંત દરેક સ્થળે સ્થાનિક મહાજનપ્રમુખ, પદાધિકારીઓ, સભ્યો, કાર્યકરો અને જ્ઞાતિજનો જોડાયેલ.

દરેક સ્થળે મહાજનો તરફથી અભિનંદન અને ઉમંગે આવકાર આપી સરભરા સાચવી અને જ્ઞાતિજનોએ ઉત્સાહથી સમસ્ત મહાજનના વિચાર-પહેલને આવકારેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ

મહાજનશ્રી દ્વારા તેના કાર્યક્ષેત્રમાં સામાજિક સેવાર્થે ૨૪×૭ દરમ્યાન હેલ્પ લાઈન શરૂ કરાઈ છે. જેનો ફોન ૦૯૮૯૨૭૪૧૪૧૪ છે. જેમાંથી મુંબઈ મહાજનની વિવિધ પ્રવૃતિઓ, યોજનાઓ, મેડીકલ અને શિક્ષણ વિષે કે અન્ય સામાજિક સેવાઓ અંગે માહિતી-માર્ગદર્શન મળી શકશે. ઝડપી સંદેશ વ્યવહાર અર્થે ટુંક સંદેશ સેવા (SMS) મોકલવા ૧૫૦ અક્ષરના પ્રાર્થના અને સંસ્થાકીય SMS નાં રૂ.૫૦૦ અને ધંધાકીય/વ્યાપારિક SMS રૂ.૧૦૦૦ ચાર્જ છે.

મહાજનશ્રીના ઉપક્રમે ૬૯મો સમુહલગ્ન રવિ. તા.૧૫-૪-૧૨ના કાંજુરમાર્ગમાં શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સના વિશાળ ગ્રાઉન્ડમાં યોજાશે. લગ્ન માટે નામ નોંધણી તા.૨૯-૨-૧૨ સુધી કરી શકાશે.

## શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા વારાપીરની પહેડી

શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજનના ઉપક્રમે શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા ગામધણી ઓલીયા શ્રી વારાપીરની પહેડી તા.૧૫-૧-૧૨નાં ભાંડુપમાં સાંજે ૪ થી ૯ દરમ્યાન યોજાઈ. સમગ્ર પહેડીનો લાભ શ્રી વારાપધર જૈન યુવક મંડળના સર્વે પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યોએ લીધેલ.

કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્રના સ્મરણ સાથે થયેલ. શેઠ શ્રી નરશી નાથા તેમજ માતુશ્રી કુંવરબાઈની પ્રતિમાને મંડળના પ્રમુખ શ્રી ભરત વીકમશી તથા મહાજનના ટ્રસ્ટીશ્રીઓ, શ્રેષ્ઠીવર્યો અને મંડળના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યોના હસ્તે હારારોપણ તેમજ દીપ પ્રગાટ્ય કરવામાં આવેલ.

સાંજે ૫.૩૦ કલાકે વારાપીરની પહેડીને વાજતે ગાજતે દાતા પરિવારો દ્વારા જુહારવામાં આવી. કુ. દિપ્તી હરીયા અને સાથી કલાકારોએ ભક્તિગીતોની રમઝટ બોલાવી વાતાવરણને ભક્તિમય બનાવેલ. મંડળના માનદમંત્રી વિનય હિરાચંદ લોડાયાએ મંડળની કાર્યોનો અહેવાલ રજુ કરેલ. ગામવાસીઓ માટે મેડીકલ તેમજ શૈક્ષણિક સહાય યોજનામાં મંડળને મદદરૂપ થવા વારાપધર મહાજનના ટ્રસ્ટીશ્રી ચેતન મેઘજી મોતાએ સર્વે ગામવાસીઓને હાકલ કરેલ. જેને સખીદાતાઓએ વધાવતાં ઉદારપણે નામો ઉપરોક્ત યોજનામાં નોંધાવેલ.

મંડળની મેડીકલ સહાય યોજના માટે દાન આપનાર શેઠશ્રી લાલજી વેલજી લોડાયા સહ પરિવારનું મંડળના પ્રમુખ ભરત હંસરાજ વીકમશી, ઉપપ્રમુખ શ્રી પ્રફુલ કેશવજી નાગડા દ્વારા બહુમાનપત્ર આપી અનુમોદના કરવામાં આવી.

કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૯ સુધીની પહેડી માટેના દાતા પરિવારોના નામ આવેલ. આવતા વર્ષની પહેડીનો લાભ દાતા માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા પરિવારે લીધેલ છે.

કાર્યક્રમ દરમ્યાન મંડળના સર્વે ભુતપૂર્વ કારોબારી સભ્યો તેમજ સર્વે પદાધિકારીઓનું તેમણે મંડળને આપેલ સેવા બદલ બહુમાનપત્ર આપી સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન સહ માનદમંત્રી નીતેશ દિનેશ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
TAN MAN 1985 25th 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

લોડાયા તેમજ માનદમંત્રી વિનય હિરાચંદ લોડાયાએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા મંડળના કાર્યકર્તાઓ સર્વશ્રી અભય લાલકા, ઉદય મોમાયા, પ્રિયેશ મોમાયા, અતુલ લાલકા, ભાવીન લોડાયા, ચેતન મોમાયા, વિપુલ લોડાયા, રિતેશ લોડાયા વિ. એ સારી જહેમત લીધેલ.

પહેડી માટે શ્રી ધીરેન ચંદ્રકાંત લોડાયા (વાપી), ઉમરશી લાલકા (હૈદ્રાબાદ) શ્રી મહેન્દ્ર શામજી મોતા કચ્છથી મંડળના કારોબારી સભ્યોશ્રી ભુપેન વીકમશી, ભરત ખીમજી લોડાયા પધારેલ. અંદાજે ૪૫૦થી વધારે ભાવિકોએ પહેડી-પ્રસાદ, દર્શન-વંદનનો લાભ લીધેલ.

## પરજાઉવાસીઓનું સ્નેહમિલન

પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્‌ના ઉપક્રમે પરજાઉવાસીઓ અને નિયાણી બહેનો સ્નેહ સમેલન અને મહાજનશ્રીની સભા તા.૨૯-૧-૧૨નાં સવારનાં ૮ વાગે શ્રી વિજયસોસાયટી હોલ (શિશુકુંજ)માં થયેલ. જેનાં નવકારશીમાં ૬૦ જણાએ અને બપોરનાં જમણમાં ૨૨૦ જમાએ લાભ લીધેલ. સવારનાં ૧૦ વાગે શ્રી ચંદ્રપ્રભસ્વામીની ભક્તિ ભાવના, સાંસ્કૃતીક કાર્યક્રમ, શૈક્ષણિક સન્માન તથા બહુમાન જેમાં મુંબઈ, કચ્છ અને દેશાવરવાસીઓ પધારેલ. નીયાણી બહેનો પણ સહકુટુંબ પધારેલ. વા.વા.લા.પ.રા.નાં વાંકુ મહાજનનાં શ્રી દામજી નરશી સોની ત્રણ ટ્રસ્ટીઓ સાથે, રાપર ગઢવારીનાં ટ્રસ્ટી શ્રી હીરાચંદ વશનજી નાગડા, લાલા મહાજનનાં પ્રમુખશ્રી કુસુમકાંત ટોકરશી નાગડા તથા ટ્રસ્ટી શ્રી સુર્યકાંત હીરજી દંડ પધારેલ. શ્રી પરજાઉ ભાનુશાળી મહાજનનાં શ્રી ખીમજી કરશનદાસ મંગે, પરશોતમ ભાનુશાલી, કીરીટ ગોપાલજી ગજરા, મુકેશ ઠાકરશી ભાનુશાલી તથા નંદુ ભાનુશાળી અને ક્ષત્રીય સમાજનાં નટુબા જાડેજા પધારેલ. પરજાઉ મહાજને દરેક સમાજનાં આગેવાનોનું શાલ, શ્રીફળ, માળા પહેરાવીને સન્માન કરેલ. સ્નેહમિલન અને સભા પુરી કરી ૪ વાગ્યે ચા-પાણી લઈને શ્રી ચંદ્રપ્રભુની જય બોલાવી સૌ છુટા પડયા.

## પૂ. યતિશ્રી મોતીસાગરજીના જન્મદિને યાત્રા

પૂ. યતિશ્રીના ૬૮મા જન્મદિન (વસંતપંચમી ૨૮-૧-૧૨) નિમિત્તે પાવાગઢ તીર્થે મહાકાલી માતાજી દર્શને યાત્રા પ્રવાસ થયેલ.

બે બસોથી પાવાગઢ તરફ પ્રસ્થાન કરેલ શ્રી ચિંતામણી દાદાના દર્શન કરી નવકારસી, સ્નાન, સેવા-પૂજા બાદ સવારે ૯ કલાકે પૂ. યતિશ્રીના મુખે માંગલીક આશીષ લઈ સૌ સાથે પાવાગઢ ડુંગરે માના દરબારે દર્શન લાભ લીધેલ. પાછા વળતા દૂધિયાસ્થાને લીંબુપાણી અને નીચે ધર્મશાળામાં ભોજન લીધેલ. ઉપાશ્રયમાં ૨.૩૦ વાગે મહાકાલી માતાજીનું ૧૦૮ પૂજન ત્યારબાદ પૂ. યતિશ્રીના જન્મદિને ગુરૂપુજન-પહેડી કામળીથી ગુરૂવંદના થયેલ. પૂ.શ્રીએ કોઈ ઉછામણી થેલીનો અસ્વીકાર કરેલ. એક કિલો ચાંદીની માતાજીની મૂર્તિ સંઘપતિ શ્રી હેમેન્દ્ર વિસનજીને દર્શનાર્થે અપાયેલ. સંઘમાં સેવા આપનારાનું સન્માન ટ્રસ્ટ તરફથી થયેલ. પૂજ્યશ્રીના જન્મ વરસ જેટલા રૂપિયાથી સર્વે યાત્રિકોનું સંઘપૂજન થયેલ. કચ્છ, મુંબઈ, અમદાવાદ, દેશાવરથી સંઘપતિ પરિવારના સગાસંબંધીઓ સ્નેહીજનો યાત્રામાં પધારેલ સૌનું આભારદર્શન મુકેશ મૈશેરીએ કરેલ. સંપૂર્ણ યાત્રાની સુવિધા માટે વડોદરાના ભાવેશ લોડાયા, ખીરેન્દ્ર મામા, શાંતિલાલ લોડાયા સહિત સૌની ગુરૂભક્તિ અનુમોદનીય રહી. પૂજ્યશ્રીએ સૌને આશીર્વાદ સાથે પ્રગતિમય મંગલ આશીષ આપેલ. ચોવીહાર બાદ સૌ યાત્રાનાં સંભારણાં લઈ સૌ બસ દ્વારા પાછા ફર્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

જખૌ મહાજનની વાર્ષિક સાધારણ સભા રવિ. તા.૧૨-૨-૧૨ના બપોરે ૩ વાગે મસ્જીદબંદર અનંતનાથ જિનાલયે ગોઠવાયેલ. નિયત સમયે કોરમ અને ૩.૩૦ કલાકે જરૂરી કાર્યસાધક હાજરી ન થતાં સભા મુલત્વી રહેલ. હવે તા.૨૫-૩-૧૨ના મુલુન્ડમાં શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધ્ધા ક્રોસ રોડ, મુલુન્ડ (વે)માં ફરી મળશે જેમાં સર્વે જખૌવાસીઓને પધારવા જણાવાયું છે. આ સભામાં વર્ષ ૨૦૧૦-૧૧ના વાર્ષિક અન્વેષિત હિસાબો અને પ્રવૃતિ અહેવાલ રજુ કરાશે. આગામી કાર્યકાળ માટે પાંચ વાર્ષિક ચુંટણી થશે. જે માટે જોશીલા ઉત્સાહી યુવા કાર્યકરો આવકાર્ય છે.

## KuDOs

KuDOs is social online nework of KDO Community. website www.allkdo_ning.com


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

### શ્રી કરમચંદ આણંદજી વિકમશીનું નિધન

જ્ઞાતિના જાણીતા ઉદ્યોગપતિ માઇક્રોફિનીશ ગ્રુપ કુંના પાયાના સ્થાપક શ્રી કરમચંદભાઈ (વરાડીયા-હુબલી)નું તા.૧૧-૨-૧૨ના હુબલીમાં નિધન થયું. સદ્‌ગતશ્રીએ ચારેક કાયકાથી ઉદ્યોગક્ષેત્રે ઝળહળતી કારકીર્દી ઉભારી હતી. અગ્રણીના અવસાનથી સમાજને ખોટ પડી છે. સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના અને હાર્દિક શ્રધ્ધાંજલિ.

### રાયપુરમાં સમસ્ત મહાજન દ્વારા જનજાગરણ અભિયાન

તા.૮-૨-૧૨ના શ્રી સમસ્ત મહાજનના આહવાનથી રાયપુરમાં જ્ઞાતિ જનજાગરણ સભા આયોજન કરવામાં આવેલ. જેમાં મે. ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા, સેક્રેટરી જનરલ શ્રી ચીમન મેઘજી મોતા, ટ્રસ્ટી શ્રી ચંપક રાયચંદ જીવાણી, સેંઘવા મહાજનનાં પ્રમુખ શ્રી અશોક ગોવિંદજી નાગડા પધાર્યા હતા. સભાની શરૂઆત શ્રી કુંથુનાથ પ્રભુ, શ્રી મહાકાળી માતાજી, શેઠ શ્રી નરશી નાથાના ફોટા પર હારારોપણ, દીપપ્રાગટ્ય અને નવકાર મંત્ર પઠનથી થઈ. મંચ ઉપર શ્રી મહેન્દ્ર મોમાયા, શ્રી ચીમન મોતા, શ્રી ચંપક જીવાણી, શ્રી અશોક ગોવિંદજી નાગડા, સાથે રાયપુર મહાજન પ્રમુખ શ્રી તરૂન શીવજી લોડાયા, ઉપપ્રમુખ શ્રી હરીશ જવેરચંદ લોડાયા, વડીલશ્રી રતીલાલ કેશવજી શિયાડ, યુવાપાંખના પ્રમુખ શ્રી ભાવિક શશીકાંત નાગડા, મહિલામંચ પ્રમુખ શ્રીમતી મંજુલાબેન કુલીનકાંત જીવાણી અને પુનાના કાર્યકર શ્રી ખુશાલ લાલજી મૈશેરી બિરાજમાન હતા. અતિથિઓનો પરિચય તથા સ્વાગત તિલક, શ્રીફળ, માળા, ખેસ અને પુષ્પગુચ્છથી કરાયેલ. ઉપસ્થિત જ્ઞાતિજનોનો પરિચય પણ કરાવામાં આવેલ. શ્રી ચીમનભાઈ મોતાએ સમસ્ત મહાજન વિષયે સુંદર જાણકારી આપેલ. જ્ઞાતિજનોને આહ્‌વાન કરેલ કે બધા મળીને જ્ઞાતિકાર્યોમાં સહભાગી થઈએ. શ્રી મહેન્દ્ર મોમાયા અને ચંપક જીવાણીએ પણ સમસ્ત મહાજન વિષે પ્રસ્તાવના સમજાવી. શ્રી રતીલાલ કેશવજી શિયાડ, શ્રી તરૂણ શીવજી લોડાયા, શ્રી કુલીનકાંત ખેતશી જીવાણી, શ્રી હરીશ જવેરચંદ લોડાયા, શ્રી સંજય વાલજી જીવાણી, શ્રીમતી કલ્પના ચેતક લોડાયા, ચંદ્રેશ વીરચંદ છેડા, આદિ ચર્ચામાં ભાગ લઈ જ્ઞાતિના પ્રશ્નો વિષે સુચનો કરેલ. રાયપુર મહાજન વતી સમસ્ત મહાજનને પુરો સાથ સહકાર આપવા અને જ્ઞાતિ માટે પુરી જવાબદારીથી સક્રિય રહેશું એવો વિશ્વાસ દાખવેલ.

પધારેલ પ્રતિનિધિઓએ રાયપુર મહાજનની સક્રિયતા, જાગૃતિ અને સંપ સાથે દીપાવેલ કાર્યોની પ્રશંસા કરી બિરદાવેલ. તા.૪-૧૧-૧૧ના મુંબઈ મહાજન યોજીત શિખરજી યાત્રી સંઘ પ્રસંગે વિભિન્ન વેશભુષામાં સજજ થઈ સ્વાગત કરેલ તે બાળકોને પ્રોત્સાહન ઈનામ અતિથિઓના હસ્તે આપવામાં આવેલ.

કાર્યક્રમનું સુત્ર સંચાલન, આભાર વિધિ, મા. મંત્રી શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ કરેલ. સારી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. અલ્પાહાર લઈ આનંદમય વાતાવરણમાં સૌ છુટા પડ્યા.

### વડોદરામાં મહાકાળીમાતા મહાપુજન પહેડી

વડોદરામાં કે.ડી.ઓ.નગરે મહાકાલીમાતાજીની તા.૨૯-૧-૧૨ના સળંગ ત્રીજી પહેડી મહાપૂજન ભક્તિ યતિશ્રી મોતીસાગરજીના નિશ્રામાં ભક્તિભાવે-ગરબાના સંગીત તાલે ઉજવવામાં આવેલ. વડોદરા ઉપરાંત હાલોલ-આણંદ-અંકલેશ્વર-વાપીથી ભાવિકો પધારેલ. છેલ્લા ત્રણ વરસથી કાયમી સહયોગી દાતાઓના સહકારથી આ મહાપૂજન-પહેડીમાં આશરે ૨૫૦ થી ૩૦૦ જણાની હાજરીમાં ઉજવાય છે.

યતિશ્રી મોતીસાગરજીની ૬૮મા જન્મદિનનિમિત્તે વડોદરા મહાજન તથા પધારેલ ભાવિકોએ શુભેચ્છાઓ આપેલ.

તા.૨૮-૧-૧૨ના યતિશ્રી મોતીસાગરજીના ૬૮મા જન્મ નિમિત્તે મુંબઈથી પધારેલા ભાવિકો તથા વડોદરા સંઘના ભાવિકોએ સાથે મળી પાવાગઢની યાત્રા કરેલ.

### વિરારમાં પૂ. આ. કલાપ્રભસાગરસુરીના પગલાં...

તા.૩૦-૧-૧૨ના અગાશી તીર્થના વહેલી સવારે વિહાર કરીને પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા તથા પૂ. સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાએ રાજેશ દામજી મૈશેરી (મોટાસિંધોડી-વિરાર)ના ગૃહે સગાસંબંધી તથા સ્નેહીઓની ઉપસ્થિતિમાં પાવન પગલા કર્યા. માંગલિક બાદ પરિવાર તરફથી રૂા.૧૦નું સંઘપૂજન થયેલ. રાજેશભાઈના પરિવાર તરફથી ચતુર્વિધ સંઘની હાજરીમાં વિધિકાર શ્રી હર્ષભાઈ દેઢીયાના સંગાથે નવકાર મહામંત્રના ભાષ્ય જાપ કરાવવામાં આવેલ. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા BMPP ના ઉપ-પ્રમુખશ્રી સોમચંદભાઈ વેલજી લોડાયાએ (માં ઓમ પરિવાર) સાધર્મિક ભક્તિ માટે હૃદયસ્પર્શી અપીલ કરેલ.

### સોલાપુર નગરે ધર્મ આરાધના

સોલાપુરમાં આદિનાથ દાદાની કૃપાથી ભવ્ય સામૈયા સાથે પૂ. મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.આ.ઠા-૪નું દબાદબાભર્યું

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

પ્રવેશ થયેલ. રત્નમાલા તપમાં ૮૫ તપસ્વી જોડાયા હતાં. સાકળી અઠ્ઠાઈ સોલાપુરમાં પ્રથમ વખત થઈ હતી. તેમાં ૧૬ તપસ્વી હતા. પુ.સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજીની પ્રેરણાથી અઠ્ઠાઈવાળા તપસ્વીઓને શત્રુંજય મહાતીર્થના યાત્રા આશીષ ટ્રેડીંગવાળા તરફથી કરાવાઈ. જેમાં જયેશભાઈ લોડાયા, કિરીટ વિકમશી અને ચેતન વિકમશીએ સેવા આપી પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીની પુણ્યતીથી નિમિત્તે સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીએ અઠ્ઠમ તપ કરાવેલ. તરપસ્વીઓને સોમચંદ વેલજી લોડાયા (માં ૐ પરિવાર) તરફથી બેગની પ્રભાવના થઈ. પૂ.શ્રીનું ચાતુર્માસ પરિવર્તન લીલાધર લખમશી દંડના ઘરે સવારના ૭.૩૦ વાગે થયું. સકળસંઘમાં પગલા કરેલા. માંગલિક પ્રવચન બાદ અલ્પાહાર રાખવામાં આવેલ.

તા.૧૩-૧-૧૨નાં પૂ. દેવરત્નસાગરજી આ.ઠા.૬ પધાર્યા ૧૫ દિવસ સોલાપુરમાં હતાં. જેમાં વ્યાખ્યાન અને પંચાન્હિકા મહોત્સવ રહેલ.

## ભુજપુર મહાકાલી મંદિરે ધ્વજારોહણ

ભુજપુર સ્થાને શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિરની ૩૬મી સાલગીરી ધ્વજા ઉત્સવ ૪-૨-૧૨ના મંગલ વાંજીત્રો નાદ સાથે કુંભ-દીપક સ્થાપના બાદ બધી મૂર્તિઓના મહાઅભિષેક થયા. દેવીપૂજન, ભગવતી પૂજન, હવન જિયમુહર્તે ધ્વજારોહણ, મુખ્ય ત્રણે શિખરો મંદિરની દેરીઓની ધ્વજા વિવિધ ભાવિકો તરફથી ચડાવાઈ. ધ્વજા બાદ લાડુ પ્રભાવના, સાધર્મિક ભક્તિ થઈ. બપોર પછી શ્રી ઘંટાકર્ણ મહાવીર પૂજન-હવનથી થયેલ. આ ઉત્સવે મુંબઈથી શ્રી હેમેન્દ્ર લોડાયા સહિત ભાવિકો, ગુરૂભક્તો, સ્થાનિક તેમજ કચ્છના પધારેલ અને પૂજનાદિમાં લાભ લીધેલ. ઉત્સવમાં સર્વશ્રી ચેતન મોતા, લક્ષ્મીચંદ મોતા, કલ્પેશ મોતા, પ્રતાપ લોડાયા, હેમેન્દ્ર લોડાયા, રાજેશ લોડાયા, મુકુંદ દંડ, હીરાલાલ ડાઘા, દીપક ડાઘા સહિત ભાવિકો સહભાગી થયેલ. પૂજ્યશ્રીના જન્મદિને મુંબઈ અનંતનાથજી ટ્રસ્ટના સ્ટાફ સૌને પ્રભાવના અને ભુજપુરમાં બાલમંદિરમાં મીઠાઈ અપાયેલ. ધ્વજા ઉત્સવનાં પૂજનો યતિશ્રીએ કરાવેલ. બાહરગામથી પધારેલ ભાવિકોનું ટ્રસ્ટ દ્વારા સન્માન કરાયેલ. અબડાસા તીર્થોની યાત્રા કરાવાઈ. આભાર હર્ષવર્ધને કરેલ.

## માંડવી અજીતનાથજી જિનાલયે નૂતન ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ

માંડવીનાં બંદરરોડ પર આવેલ શ્રી અજીતનાથજી જિનાલયનો નૂતન ધ્વજદંડ જિનભક્તિમય પંચાન્હિકા મહોત્સવ તા.૨૯-૨ થી ૧-૩ સુધી તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા., આદિ શ્રમણ-શ્રમણીવૃંદની નિશ્રામાં ઉજવાશે.

૧૩૦ વર્ષ પ્રાચીન તીર્થસ્વરૂપ ત્રિશિખરીય શ્રી અજિતનાથજી જિનાલયનાં તાજેતરમાં થયેલા જિર્ણોદ્ધાર બાદ નૂતન ધ્વજદંડ આદિની પ્રતિષ્ઠા યોજાઈ રહી છે.

તા.૨૯-૨ના સવારે પૂ. અચલગચ્છાધિપતિશ્રીનો ભવ્ય નગરપ્રવેશ થશે. તા.૨૭-૨ના મહાપ્રભાવિક શ્રી અજિતનાથ મહાપૂજન, તા.૨૮-૨નાં કુંભસ્થાપના, અખંડ દિપક સ્થાપના, જવારારોપણ વિધિ, શ્રી નવગ્રહ પૂજન, ૧૦ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન યોજાશે. તા.૨૯-૨નાં સકલ દોષ નિવારક શ્રી અઢાર અભિષેક તા.૧-૩નાં સવારે શુભમુહુર્તે નૂતન ધ્વજદંડ પ્રતિષ્ઠા, શ્રી લઘુશાંતિ સ્નાત્ર, નગરધારાવળી કાર્યક્રમો યોજાશે. પાંચે દિવસ પ્રભુજીની આંગીરચના કરવામાં આવશે. તા.૨૬ અને ૨૭ રાત્રિ ભાવનામાં સ્તવનોની રમઝટ સાથે રાસ-ભજન-દુહા-છંદ ધાર્મિક મનોરંજનસહ કાર્યક્રમ રહેશે. તા.૨૮ થી ૧ સુધી ભાવનામાં શ્રી મેહુલ ઠાકુર એન્ડ પાર્ટી (શંખેશ્વર) પધારશે. મહોત્સવ દરમ્યાન વિધિવિધાન શ્રી ચંદ્રકાન્તભાઈ દેઢીયા (બિદડા) સંગીત સાથે કરાવશે.

## નલિયામાં નિઃશુલ્ક નિદાન કેમ્પ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રોટરી ક્લબ તોરલ ભુજનાં સહકારથી ૧૧મો નિઃશુલ્ક નિદાન કેમ્પ તા.૨૯-૨નાં સવારે ૯.૩૦ થી ૧.૩૦ સુધી શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનમાં યોજવામાં આવેલ છે. આંખનાં રોગો, દાંતનાં રોગો, જનરલ રોગો તથા સ્ત્રીઓનાં રોગોનું નિઃશુલ્ક નિદાન કરવામાં આવશે.

આ કેમ્પને પૂ. ગુરૂદેવ શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મ.સા.નાં ભક્તજનો તથા કેમ્પનાં સહયોગી દાતાશ્રીઓનો સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.

કેમ્પ સ્થળે દર્દીઓને દવાઓ પણ નિઃશુલ્ક અપાશે. નામ નોંધણી માટે સંપર્ક ફોન : ૨૨૨૨૧૫.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્યતિથિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ.સા.શ્રી જયલક્ષ્મીશ્રી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજીના માર્ગદર્શને કાર્યો સારી રીતે ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાના કાર્યમાં સહયોગી દાતાઓ કાયમી તીથી : મણીલાલ હંસરાજ ભઠારા હ. રૂપમભાઈ (ઘાટકોપર), શામજી મુલજી પોલડિયા (બાયઠ-પારોલા), રાજેશ શિવજી નરશી પોલડિયા (બાયઠ-બેંગકોક), નવલબાઈ દામજી ધરમશી (વરલી), પ્રદીપભાઈ ઉમરશી મેપાણી હ. ઉમરશી શામજી મેપાણી (પરજાઉ-વડાલા), ગોવિંદજી જીવરાજ લોડાયા (મુંબઈ), મીતા હિરાચંદ શાહ હ. રતનબેન પોલડિયા (ચાલીસગામ), નવલબાઈ દેવજી પોલડિયા (ચાલીસગામ), કુમારપાલ જીવરાજ અજાણી (ચેન્નાઈ), જેવંતીબેન રતીલાલ કારાણી

(ડોંઈચ્ચા) વધુ માટે સંપર્ક : સૌ. ભારતી ભરત લોડાયા (જલગામ) ફોન (૦૨૫૭) ૨૨૨૫૯૩

## ડો. યોગિની વેરશી મૈશેરીને ભારત જ્યોતિ પુરસ્કાર

ડો. યોગિનીબેન M.D. (Medicine), D.N.B. (Medicine), M.D. (Chest & T.B.), D.N.B. (Rest Dis), Ph.D. (Applied Biology) છે. જેમને ભારત જ્યોતી પ્રતિષ્ઠીત પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે.

જે પુરસ્કાર મધર ટેરેસા, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ શ્રી ભગવતી, શ્રી એચ.આર. ખન્ના, શિક્ષણશાસ્ત્રી ડો. અબીદ હુસેન, સરોદવાદક ઉસ્તાદ અમજદ અલીખાં, ક્રિકેટર સુનિલ ગાવસ્કર જેવા માનવંતા સેવા કાર્યકરો અને શિક્ષણ, ઉદ્યોગ, કલા, સામાજીક કાર્ય, ઇતર ક્ષેત્રોમાં ઉત્તમોત્તમ યોગદાન પ્રદાન કરનારી નામાંકિત વ્યક્તિઓને આ પહેલા અપાયેલ છે તે ભારત જ્યોતિ એવોર્ડ સર્ટિફિકેટ ઓફ એક્સલન્સ જ્ઞાતિના નિષ્ણાત અને સેવાસક્રીય ડો. યોગિની વેરશી મૈશેરીને તાજેતરમાં ૧૪ ફેબ્રુઆરીમાં નવી દિલ્હીમાં ઇકોનોમીક ગ્રોથ એન્ડ નેશનલ ઇન્ટીગ્રેશન વિષયક યોજાયેલ કોન્ફરન્સમાં એનાયત કરવામાં આવેલ. આ એક વિશિષ્ટ જ્ઞાતિ ગૌરવ છે. આ સિધ્ધિ બદલ પ્રકાશ-સમીક્ષાંના હાર્દિક અભિનંદન.

## હૈદરાબાદમાં શાંતિનાથ જિનાલયે ૧૧મો ધ્વજારોહણ

કાચીગુડા હૈદરાબાદમાં અચલગચ્છ જૈન સંઘના શ્રી શાંતિનાથ જિનાલયે ૧૧મી વર્ષગાંઠ નિમિત્તે સત્તરભેદી પૂજા એવં ધ્વજારોહણ કાર્યક્રમ ભવ્યતાથી ઉજવાયો. ટ્રસ્ટી શ્રી મણીકાંત મેઘજી મોમાયા પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. એવં ગચ્છાધિપતિ પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશિર્વાદે પૂ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી તથા પૂ.સા.શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.આ. ઠાણાની નિશ્રામાં ધ્વજારોહણ કાર્યક્રમ તા.૧૩ ફેબ્રુઆરીના ઉજવાયેલ. વિધિકાર શ્રી રાજાભાઈ નંદુ સંગીત મંડળી કે સાથે પધારેલ.

સવારે ૯ વાગે શ્રી સત્તરભેદી પૂજા, ૧૧ વાગે ધ્વજારોહણ વિધી, બપોરે સ્વામિવાત્સલ્ય શ્રી સંઘ તરફ હતો. પૂજામાં પક્ષાલ પૂજા, કેસર પૂજા, પુષ્પ પૂજા, અખંડ દીપક આદિ વાર્ષિક ચઢાવા લેવાયા. વાર્ષિક ધૃત પૂજા, આરતી અને શાંતિકલશનો લાભ શ્રીમતી મીનાબેન ગુલાબચંદ મોતા અને મંગલ દિવાનો શ્રી હંસકુમાર રાયચંદ સાયલા પરિવારે લીધેલ.

મુખ્ય ધ્વજાના લાભાર્થી શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર હતા અને બહોળી સંખ્યામાં સૌ પધારેલ.

## શ્રી દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

દક્ષિણ એકમ ક્ષેત્રમાં રહેતા જ્ઞાતિજનોને પોતાનાં હાલ વસવાટના સરનામા, ફોન, ઇ મેઇલ તથા કુટુંબની વિગત મોકલવા જણાવાયું છે. એકમ વિષે કોઈપણ માહિતી જોઈતી હોય તો પત્રવ્યવહાર બેંગલોર સ્થીત કાર્યાલયે કરવા જણાવાયું છે. સંપર્ક : શ્રી જયચંદ નાગડા-૦૯૮૮૬૧૦૬૯૧૨

## પાલીતાણામાં શ્રી અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ

આ મહોત્સવ પ્રસંગે બહોળા પ્રમાણમાં આચાર્યશ્રીઓ અને હજારો સાધુ-સાધ્વીઓની નિશ્રા રહેશે. વિશિષ્ટ અભિષેકમાં ૧૪ ગચ્છાધિપતિઓ ૨૦૨ આચાર્ય ભગવંતોનાં સુરિમંત્ર જાપિત વાસક્ષેપથી અભિષેક વિધાન થશે. એક સાથે ૧૨૫૦૦ સ્થળેથી ૧૦૮ ઘડાનાં મહત્વના સ્થળે અભિષેક થશે જે લગભગ પોણો કલાક સુધી ચાલશે.

એક સાથે દશ હજાર સાધર્મિકો પંગત પધ્ધતિએ જમી શકે તેવી ભોજનખંડ વ્યવસ્થા ગોઠવાઈ છે. હજારો વર્ષ અગાઉ નિર્મિત શ્રી અજિત-શાંતિનાથ દાદાની દેરીઓમાં જિર્ણોધ્ધાર બાદ પુનઃપ્રતિષ્ઠા થશે. આ પ્રસંગે દેશ-દેશાવળ-મુંબઈથી હજારો ભાવિકો પાલીતાણા તીર્થે ઉમટશે. યાતાયાત અને આવાસ માટેના બુકીંગ ફુલ થઈ ગયા છે.

આ ઐતિહાસિક અવસરને પ્રત્યક્ષનિહાળવા અને સાક્ષી બનવા ભાવિકો ઉત્સુક છે. અજિત શાંતિ ચમત્કારી સ્વવન જે સ્થળે પૂ. નંદિષેણમુનિએ રચ્યું જેના ભાવ આ પ્રસંગે યાદગાર બની રહેશે. તીર્થની શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા વર્ષ ૨૦૦૮ થી આ દેરીઓનું જિર્ણોધ્ધાર થયો. પુનઃ પ્રતિષ્ઠાનો લાભ ઉછામણીએ અજિતનાથની દેરીનો શ્રી માણેકલાલ મોહોલાલ ઝવેરી પરિવારને અને શ્રી શાંતિનાથ દાદાની દેરીનો લાભ મા. તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢ)ને મળ્યો છે.

ગિરીરાજની તળેટીમાં નવટુંકની તથા નિર્માતાઓની પ્રતિકૃતિઓ તૈયાર કરાશે. તીર્થવાટિકાના વિશાળ પ્રાંગણમાં બંગાળથી આવેલા ૧૧૦ કારીગરો આ કાર્ય સાકાર કરી રહ્યા છે. તા.૨૩-૨નાં પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરીજીના શતાબ્દિ સ્મૃતિવર્ષની ઉજવણી રૂપે રત્નત્રયી મહાપૂજાનું ખંડ ઉદ્‌ઘાટન થશે. તા.૨૪-૨ના મુમુક્ષુઓનો ભવ્ય વરસીદાન શોભાયાત્રા, તીર્થરક્ષાકાજે અઠમનાં પારણે અઠમ કરનારા ૧૬૦૦ સળંગ અઠમ તપના તપસ્વી શ્રીમતિ દર્શનાબેન ઝવેરી પણ આ યાત્રામાં જોડાશે. વિવિધ ઐતિહાસિક રથો, આભુષણો, ગજરાજો પંચવાદ્યો, વિવિધ બેન્ડ પથક, જૈન સંસ્કૃતિ ઝાંખીઓ વગેરે વિશેષ આકર્ષણ હશે. બેંડ પથકમાં ૧૪૯ વાજિંત્રકારો સંગીત કલા દર્શાવશે. જે માત્ર ધાર્મિક પ્રસંગોએ જ રજુ કરે છે. આ અવસરે

શાસન અને સંસ્થાકીય સુરક્ષા યંત્રણા હશે. ગિરીરાજ પુજા અને મહાઆરતી જોવા જેવી હશે. દિવ્ય સુરોમાં અજિત-શાંતિ સ્તોત્રનો પાઠ કરાશે. જેમાં વિશિષ્ટ સંગીત વિશારદો સંગીત આપશે. આ પ્રસંગે ૧૪ મુમુક્ષુઓ તા.૨૬-૨ના પ્રવજ્યા અંગીકાર કરી આ પ્રસંગને વધુ ગૌરવાન્વિત બનાવશે. સાંજે ભવ્ય સંધ્યાભક્તિ છે.

ગિરીરાજનાં ૧૦૮ નામના ૧૦૮ ભવ્ય મંડપ રચાશે. દિવ્ય પાવન સામગ્રીથી ગિરીરાજનો અભિષેક થશે અને ધુપપુજા થશે. હજારો શાસનસૈનિકો ભક્તિભાવપુર્વક સ્વયંસેવા આપી મહોત્સવમાં ફરજ બનાવશે. વિશેષમાં પુરી જયણા સાથે સાધર્મિક ભક્તિ રહેશે અને સંપુર્ણ તીર્થ પરિસરમાં જૈન-જૈનેતર સ્ટાફ (રસોયા-પીરસણા શ્રમજીવીઓ) સહિત સૌ કોઈ રાત્રિભોજનના ઘોર પાપથી બચવા કટિબધ્ધ રહેશે. આવો ભવ્ય-દિવ્ય ઐતિહાસિક અવસર ખરેખર વર્તમાન સમયમાં શાસનનું વિશિષ્ટ અનુષ્ઠાન બની રહેશે જેનાં સાક્ષી બનવું પણ એક અનુમોદનીય લાભ છે.

## પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરી આ.ઠા.

પૂ.આ.શ્રી કલાપ્રભસાગર સુરી આ.ઠા. થાણા જીલ્લામાં ડોંબિવલી પધારતાં કલ્યાણ, અંબરનાથ, ડોંબિવલી સંઘોએ ભવ્ય સામૈયું કરેલ અને પૂજ્યશ્રીએ સર્વે સંઘોને ધર્મલાભ આપેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં ડોંબીવલીમાં કચ્છી જૈન ફાઉન્ડેશનના નવનીત નગરમાં શિખરબધ્ધ જિનાલયની ભૂમિપુજા, ખનનવિધિ, શિલાન્યાસ વિધિ આદિ સંપન્ન થયેલ.

મુંબઈ તરફ વિહાર કરતાં પુજ્યશ્રી થાણા, મુલુન્ડ (ઈ), મુલુન્ડ (વે), ભાંડુપ આદિ સ્થળે લાભ આપશે. પૂજ્યશ્રીની નિશ્રામાં વિવિધ સંઘોમાં ધર્મકાર્યો, પૂ.આ.શ્રી આર્યરક્ષિત સુરીની નવમ શતાબ્દિ, પૂ.આ.શ્રી ગુણસાગરસુરીની જન્મ શતાબ્દિ આદિ પ્રસંગોની ઉજવણી થઈ રહી છે. ભાવિકો વારસીતપ આદિ તપસ્યાઓ માટે કટિબધ્ધ થઈ રહ્યા છે.

તા.૨૦-૨ના ઘાટકોપર જીરાવલ્લા દેરાસરે પુજ્યશ્રીની નિશ્રામાં સમસ્ત કચ્છી/અચલ ગચ્છીય સંઘો, સામાયિક, મહિલા મંડળો, યુવા મંડળોના પદાધિકારીઓનું સ્નેહમિલન રહેશે.

## જખૌ મહાજનની વાર્ષિક સામાન્ય સભા અને ચુંટણી

શ્રી જખૌ જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્યસભા રવિ. તા.૨૫-૩-૧૨નાં બપોરે ૩ વાગે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા ક્રોસ રોડ, મુલુંડ (વે) માં એકત્ર મળશે. જેમાં વાર્ષિક અન્વેષિત હિસાબો અને અહેવાલ રજુ કરાશે. આ ઉપરાંત પંચવાર્ષિક ચુંટણી યોજાશે. (તેમાં મહાજનની વ્ય. સમિતિ અને ટ્રસ્ટ બોર્ડની) ચુંટણીમાં ઉભા રહેવા ઈચ્છુક મહાજનના સભ્યો નિયત ફોર્મ મહાજનશ્રીના કાર્યાલયેથી સમયસર મેળવી, ભરી મોકલવા જણાવાયું છે. વધુ વિગત માટે સંપર્ક : શ્રી સનત ખોના (માનદમંત્રી) ફોન ૦૯૩૨૨૨૮૩૬૩૩

## નાગપુરમાં સમસ્ત મહાજનની સંપર્ક બેઠક

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નાગપુરના ઉપક્રમે તા.૮-૨-૧૨ના પ્રમુખ શ્રી સતેન્દ્રભાઈ મુલજી લોડાયાના ઘરે સમસ્ત મહાજનની જનસંપર્ક બેઠક યોજી જેમાં સમસ્ત મહાજનની પ્રસ્તાવિક સમજ સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ આપી. મે. ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર મોમાયા અને ચંપક જીવાણીએ સમસ્ત મહાજનની આવશ્યકતા અને યંત્રણા વિષે જણાવીને હવે જ્ઞાતિ પ્રવૃતિઓનું સંકલન-સમન્વય કરી પરીણામ મેળવવા માર્ગદર્શન કર્યું. નાગપુર, કાંટોલ, બુટીબોરીથી જ્ઞાતિજનો પધારેલ. ધુલીયાના શ્રી ગોવિંદજીભાઈ સોની પધારેલ. કુલ ૩૬ જણાં બેઠકમાં સહભાગી થયા. પ્રારંભે દીપપ્રાકટ્ય, હારારોપણ અને નવકાર પઠન થયેલ. મહાજનશ્રીએ પધારેલ લઅતિથીઓનું બહુમાન કરી આવકારેલ. શ્રી મેઘજીભાઈ પોલડીયા, શ્રી પ્રતાપ ધરમશી, શ્રી માણેકજીભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી ગોવિંદજીભાઈ, શ્રી ઝવેરભાઈ લાલકા, પુનમબેન મોમાયા વગેરે ચર્ચામાં સહભાગી થયા અને જ્ઞાતિ પ્રશ્નો વિષે સમસ્ત મહાજનની આવશ્યકતાને આવકારી. વિચારોની આપ-લે થઈ. જ્ઞાતિની સાર્વજનિક મિલકતોનું પુર્નમુલ્યાંકન કરી યોગ્ય નિર્ણય લેવા આહવાન કરેલ. નાગપુરમાં ક.દ.ઓ. ભુવન ઉભારવા શુભારંભ થયો. અતિથીઓએ પણ એ માટે યથાશક્તી દાન કુપન નોંધાવ્યા. એ માટે ફંડ શરૂ કરાયું છે.

આભાર દર્શન માનદમંત્રી શ્રી જિતેન્દ્ર પટેલે કરેલ. શ્રી સતેન્દ્રભાઈના ઘરે અલ્પાહાર અને દુધપાક લઈ સૌ છુટા પડ્યા. સવારે નવકારશી શ્રી અનિલભાઈ ખોનાના ઘરે અને બપોરે સાધર્મિક ભક્તી શ્રી ચિમનભાઈ નરપાર પટેલના ઘરે હતી.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ

સંઘની નવી વ્ય. સમિતિની ચુંટણી કરવા અને બંધારણમાં સમયાનુસાર જરૂરી સુધારા કરવા સામાન્ય સભા ટુંકમાં બોલાવવામાં આવશે.

## નેમ યુથ ફોરમ દ્વારા ગિરનાર યાત્રા

નેમ યુથ ફોરમ (મોટી સિંધોડી) દ્વારા તા.૨૪-૧૨-૧૧ના મુંબઈથી નીકળી રાજકોટમાં હાજીડેમ દેરાસરમાં પાર્શ્વનાથ પ્રભુના દર્શન, ત્યાંથી નાગેશ્વર (રાજકોટ)માં દર્શન અને બપોરે લાલપુર ભલારાદાદાના દર્શન કર્યા બાદ જમ્યા. સંત શ્રી જેન્તિરામ બાપાના આશ્રમ, ધુનડા ગયા. ત્યાં ૪૦ બાળકો રહી ભણે છે. ત્યાં ગિરની ગાયો જોઈ અને તાજુ મેળવેલું દૂધ પીધું. પાટણવાવમાં શ્રી સિમંધર સ્વામિના દર્શન કરી જુનાગઢ કચ્છી ભવનમાં રાત્રિ રોકાણ

કરેલ. બીજા દિવસે માંગરોળમાં પાર્શ્વનાથ દર્શન કરી સોમનાથ પાટણમાં પ્રાચીન વિશાળ શંકર મંદિરના દર્શન કરી બાજુમાં દરિયા કિનારે ગયા. પ્રભાસ પાટણમાં સિમંધર સ્વામીના દર્શન કર્યા.

ત્રીજા દિવસે સવારના ૫ વાગે ગિરનાર ચઢી નેમનાથ પ્રભુની પૂજા-દર્શન કર્યા. ચોથા દિવસે ગિરના જંગલમાં બસ દ્વારા સિંહ-હરણનું ઝુંડ, મોર અને અલગ અલગ પક્ષીઓ જોયા. યાત્રામાં સૌનો સાથ સહકાર રહ્યો. બપોરના રાજકોટથી મુંબઈ પહોંચ્યા. નેમયુથ ફોરમના પ્રમુખ શ્રી વિશાલભાઈ શાહ તથા તેમના સાથી પદાધિકારીઓનું આયોજન સુંદર અને સફળ રહ્યું.

## શ્રી મોટી સિંધોડી પ્રગતિ મહિલા મંડળ

મંડળનો વાર્ષિક કાર્યક્રમ તા.૧૪-૧-૧૨ના પ્રમુખ શ્રીમતી જયવંતીબેન લોડાયાના માર્ગદર્શને સફળ સંપન્ન થયો. કાર્યક્રમમાં સારી હાજરી રહી. અવનવી રમતો રમાડી જ્ઞાન-મનોરંજન કરાયું. મકાઈની વાનગી સ્પર્ધામાં પ્રથમ કોમલ જયેશ મૈશેરી, દ્વિતીય ખુશ્બુ જિગર, તૃતિય હર્ષિકા દીપ્તનને ઇનામ મળેલ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઉર્મીલાબેને સેવા આપી. મહાજન અને નેમ યુથ ફોરમના સભ્યોએ પણ હાજરી આપી કાર્યક્રમ શોભા વધારી.

## જૈન યોગ વિશેના ગ્રંથનું વિમોચન

ડો. રશ્મિ જીતુભાઈ ભેદાએ લખેલા પીએચ.ડી.ના મહાનિબંધ પર આધારિત "અમૃત-યોગનું પ્રાપ્તિ મોક્ષની." ગ્રંથનું વિમોચન ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન હોલ, જુહુ, મુંબઈમાં પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈએ કર્યું હતું. તેમણે જણાવ્યું કે જૈન યોગમાં તૈયાર થયેલો આ એક અભ્યાસપુર્ણ અને વ્યાપક દૃષ્ટિ ધરાવતો ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રી કુંદકુંદાચાર્ય, આચાર્ય હરિભદ્રસુરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી, અધ્યાત્મયોગી, આનંદઘનજી, આચાર્ય બુદ્ધિસાગરસૂરિજી, શ્રીમદ રાજચંદ્ર, આચાર્ય મહાપ્રજ્ઞ જેવા જૈનયોગના ક્ષેત્રે અમુલ્ય અને આગવું પ્રદાન કરનાર આચાર્યો અને જ્ઞાનીઓએ રચેલા યોગવિષયક ગ્રંથનો ઊંડો અભ્યાસ કરીને ડો. રશ્મિ ભેદાએ એની વિસ્તૃત અને માર્મિક ચર્ચા કરી છે. જૈન યોગ સાથે પાતંજલ યોગનો તુલનાત્મક અભ્યાસ છે. આ ગ્રંથનું પ્રકાશન કરનારી સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી તેમ જ "પ્રબુદ્ધ જીવન"ના તંત્રી ડો. ધનવંતભાઈ શાહ તેમ જ ડો. કોકિલાબેન શાહે આના લેખન માટે પાંચ વર્ષ સુધી કરેલા અભ્યાસની વાત કરી હતી. ડો. રશ્મિબેન ભેદાએ ગ્રંથની રચના કરવાની પ્રેરણા કરવામાં સહાયભુત આચાર્યો, વિદ્વાનો અને પરિવારજનોનો ઋણ સ્વીકાર કર્યો. કાર્યક્રમ સંચાલન ગુલાબ દેઢિયાએ કર્યું હતું.

## શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપની યુવાપાંખ દ્વારા સ્નેહમિલન

રવિવાર તા.૫-૨-૧૨ના અનંતસિધ્ધિને આંગણે ઉછળતા ભાવોલ્લાસે સમાજ સમક્ષ સાદર કરતા શ્રી સંઘની હેતુલક્ષી પ્રવૃત્તિમાં સતત સક્રિય કાર્યરત સંઘના સભ્યોની સરનામા, ટેલીફોન નંબર વસ્તીપત્રક સાથે માહિતી પુસ્તિકા (Three in One) ભાંડુપ યુવાપાંખના સહયોગે તૈયાર કરવામાં આવેલ. જેનું વિમોચન મુંબઈ મહાજનના યુવા પ્રમુખ શ્રી નયન અશોક ભેદાના હસ્તે કરવામાં આવ્યું. ભાંડુપવાસીઓનું સ્નેહમિલન અને સંપર્ક સેતુના વિમોચન પ્રસંગને સફળ બનવાના યુવાપાંખના માર્ગદર્શક શ્રી કુમાર બાબુભાઈ દંડનો ખુબજ સુંદર સાથ સહકાર અને પ્રોત્સાહન મળેલ તે બદલ યુવાપાંખ આભારી છે. આ પ્રસંગે આમંત્રિત અતિથિવિશેષોમાં સર્વશ્રી પારસ પદમશી મૈશેરી, ચેતન મેઘજી મોતા, રાજેશ રાયચંદ છેડા, ભદ્રેશ મુલજી પટેલ, શ્રીમતી રાજુલ ભદ્રેશ પટેલ, સમીર શામજી દંડ, ભાવિન જયંત સોની, જયેશ ભાગચંદ જૈન, ડો. રાજેન્દ્ર કુરવા, રાજેન્દ્ર કાંતિલાલ મોતા અને આ કાર્યક્રમના મુખ્ય સહયોગી દાતાશ્રીઓ સૌ. વિજયાબેન હરીશ ધનજી ડાઘા (વરાડીયા-ભાંડુપ), સૌ. વિજયાબેન કુંવરજી હરશી લોડાયા (રાપરગઢ-ભાંડુપ) અને સૌ. જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ (સાંધવ-ભાંડુપ) વગેરેએ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ : એક નવી દિશામાં શરૂઆત કરવાની રૂએ પાંચ જ્ઞાતિભાઈઓએ શરૂ કરેલ 5 Star કેટરીંગ સેવા ના સાહસનું વિધિસર ઉદ્ઘાટન પ્રમુખશ્રી નયન ભેદા, આમંત્રિત મહેમાનો અને સહયોગી દાતાઓ દ્વારા કરવામાં આવેલ.

સંઘની યુવાપાંખના આમંત્રણને માન આપીને વિમોચનના પ્રસંગે મુંબઈ મહાજનના પદાધિકારીઓ વ્યવસ્થાપક સમિતિના સભ્યો, અનંતનાથ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ તથા શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ, ક.દ.ઓ. મસ્જીદબંદર જૈન સંઘ, શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ, શ્રી અનંત સર્મપણ-ઘાટકોપર, શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ, શ્રી શાંતિજિન જૈન જાગૃતી ગૃપ-મુંબઈ, શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી, શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-નવી મુંબઈ, શ્રી ક.દ.ઓ. જૈન અનંતનાથ કોમ્પ્લેક્સ-કાંજુરમાર્ગ વગેરે પધારેલ. જેમનું ભાંડુપ યુવાપાંખે અભિવાદન કરેલ. સૌએ યુવાપાંખની વિવિધ પ્રવૃત્તિઓને બીરદાવી સાધાર્મિક ભક્તી (પ્રિતી ભોજન)નો લાભ લીધેલ.

આ પ્રસંગે ભાનુ બીટસ્ ઓરકેસ્ટ્રાના તાલે દાંડીયારાસનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં સૌ રાસગરબા રમીને આનંદ માણેલ. કાર્યક્રમનું સુત્ર સંચાલન શ્રીમતી રશ્મીબેન કમલેશ મૈશેરીએ ખુબ સુંદર રીતે કર્યું. સંઘના યુવા કાર્યકરોએ પ્રસંગને સફળ બનાવવા સારી જહેમત લઈ કાર્યક્રમને યાદગાર બનાવેલ.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હરીશ કસ્તુરચંદ ભેદા** | 20/003 FAM, Sector-11, Plot 19, Kopar Kherne, Navi Mumbai-400709 |
| **પરેશ મહેન્દ્ર ધરમશી** | ૨૦૭-એ, યશરાજ રેસીડન્સી, ૧૦/૧, મનોરમા ગંજ, ગીતાભવન, ઇંદોર-૪૫૨૦૦૧ ફોનઃ૯૪૨૫૩૫૩૭૫૪ |
| **જયંત વિનોદ મોમાયા** | ટાગોર નગર નં.૨, ડાભોર રોડ, વેરાવળ, ગુજરાત ફોનઃ ૭૩૫૯૯૦૧૨૨૯ |
| **કમલા કાંતિલાલ નાગડા** | સી-૫૦૩, વલ્લભબાગ, નવનીતનગર, દેશલેપાડા, લોઢા હેરીટેઝની અંદર, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૪. ફોન ૯૮૧૯૮૮૮૩૬૦/૯૭૬૯૧૪૦૩૧૨ |
| **મુકેશ લક્ષ્મીચંદ કુરુવા** | એ-૨૫, પ્રભા એપા., તુકારામ નગર, આયરે રોડ, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧. |
| **યોગેશ પ્રફુલચંદ્ર મુનવર** | ડી-૪૦૩, શીવ સાઈ વિશ્વ, શીવ સાઈ રસ્તા, પિંપળ સોદાગર, પુણે-૪૧૧૦૨૭ |
| **શાંતિલાલ એલ. છેડા** | ૨૦૪-લોકનિસર્ગ, બી-૬, ઘાટીપાડા રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ |
| **મધુકર મેઘજી મોતા** | ૩૦૮-આય, શ્રીરામ રેસીડન્સી N.H.No.8, સેંટ્રલ વેરહાઉસ સામે, |
| **પ્રિયકાંત માણેકજી દંડ** | ૩ જમુનાબાઈ નિવાસ, કુંભારખાનપાડા, સુભાષ રોડ, ડોંબિવલી (વે) 421202. Tel.9930660813/9833347212 |
| **જગદિશ રાઘવજી મોતા** | ૩૦૪ એ, અંજની એપા. સમાધાન સોસાયટી, સેક્ટર ૧૯, કોપર ખેરણે, નવી મુંબઈ-૪૦૦૭૦૧. |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

કલ્યાણજી નેણશી ગોસર-અંજાર ૦૯૪૦૮૩૨૮૩૧૯ જગદીશ રાઘવજી મોતા-નવી મુંબઈ૯૨૨૨૧૯૭૯૩૯
વિપુલા જગદીશ મોતા-નવી મુંબઈ ૯૨૨૪૨૪૪૮૬૮

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૧૨-૧૧ | ઔરંગાબાદ | BHNG020304 | સુમીત-હેમલ પ્રવીણચંદ્ર નાગડા | ભરૂડીયા | પુત્ર |
| ૫-૧૨-૧૨ | જલગામ | SULI010603 | ચિન્મય-કૌશલ લલિત લાપસીયા | સુથરી | પુત્ર |
| ૨૧-૧૨-૧૧ | મોટીસિંધોડી | SMMO021204 | રિષભ-કુમાર તિલક મોમાયા | ડોંબિવલી | પુત્ર |
| ૧-૧-૧૨ | થાણા | TRMO010801 | દુર્વા-નિર્મલ મિલન મોમાયા | તેરા | કન્યા |
| ૨૯-૧૧-૧૧ | ભાંડુપ | SPCD070203 | ખુશ-ભાવિક હંસકુમાર છેડા | સુજાપર | પુત્ર |
| ૧૯-૧૨-૧૧ | સાંઘવ | SDLO020903 | પ્રિયાંશી-રાજેશ ઠાકરશી લોડાયા | સાંઘવ | કન્યા |
| ૨૬-૧-૧૨ | ભાંડુપ | BDMA | સિધ્ધિ-મનિષ ત્રીકમજી મૈશેરી | બાંઢિયા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૨-૧૨ | ભિલાઈ | MJDD070203 | ધવલ યોગેશ પદમશી દંડ | મંજલરેલડીયા | ૨૭ |
| | સેંધવા | JKNG061303 | ભક્તિ અશોક ગોવિંદજી નાગડા | જખૌ | ૨૩ |
| ૧૨-૨-૧૨ | અમરનાથ | RVLO030603 | રાજેશ ભરત મેઘજી લોડાયા | રવા | ૩૮ |
| | ડોંબિવલી | JRSI0101004 | હેમાલી સોમચંદ ચત્રભોજ સાયલા | તેરા | ૨૯ |
| ૧૨-૨-૧૨ | વડોદરા | JKKN080402 | પ્રશાંત રમેશ માણેકજી ખોના | જખૌ | ૨૮ |
| | ચેકનાકા | LUDD020303 | ખુશ્બુ જયપ્રકાશ રતીલાલ દંડ | લુણી | ૨૪ |
| ૧૨-૨-૧૨ | ડોંબિવલી | SMMA050504 | જેકી અભય ત્રીકમજી મૈશેરી | મોટીસિંધોડી | ૨૨ |
| | ડોંબિવલી | DALO060503 | ભાવિતા નિરંજન ભાણજી લોડાયા | દલતુંગી | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૧-૧૨ | બિલાસપુર | A | ડો. વિક્રાંત ત્રિવેણી ગોરે | બિલાસપુર | ૨૮ |
| | ધમતરી | JKSL041603 | ડો. હેમલ તરૂણ પ્રેમજી શિયાડ | જખૌ | ૨૬ |
| ૭-૨-૧૨ | બોરીવલી | VRDA0101103 | વિભોર કિર્તીકુમાર વિરેન ડાઘા | વરાડીયા | ૨૪ |
| | બોરીવલી | A | ફોરમ ગીરીશ હધુ ગંગર | છસરા | ૨૩ |
| ૧૩-૨-૧૨ | USA | SIMO0190503 | ગુંજન બિપીન જવેરચંદ મોમાયા | સાંયરા | ૨૯ |
| | USA | A | પૂર્વી દિનેશ દેવજી શાહ | પાટણ | ૨૮ |
| ૧૪-૨-૧૨ | ડોંબિવલી | LLDD060204 | ધવલ અશોક પદમશી દંડ | લાલા | ૨૫ |
| | ડોંબિવલી | A | પ્રિયા વિનોદકુમાર હરગોવિંદદાસ પંડ્યા | મહુવા | ૨૨ |

## લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૨-૧૨ | પુના | KRMU010403 | યોગેશ પ્રફુલચંદ્ર જેઠાભાઈ મુનવર | કોઠારા | ૨૮ |
| | મસ્કત | SUDD090203 | અંજલિ સુરેશ ગોવિંદજી દંડ | સુથરી | ૨૬ |
| ૨૯-૧-૧૨ | મુલુન્ડ | SUDU050204 | ઝરણ હીરાચંદ રાયચંદ ધુલ્લા | સુથરી | ૨૮ |
| | માટુંગા | LAMT040503 | વેદા (વર્ષા) નરેન્દ્ર કરમશી મોતા | લાખાણીયા | ૨૮ |
| ૩૦-૧-૧૨ | પાલીતાણા | BHDH030503 | વિશાલ હરીશ પ્રવીણચંદ્ર ધરમશી | ભડ્રીયા | ૨૯ |
| | નાલાસોપારા | BHDD040503 | અલ્પા હરીશ ધનજી દંડ | ભડ્રીયા | ૨૪ |
| ૨૦-૧૨-૧૧ | વાપી | RVLO020604 | રોહન ગિરીશ પ્રતાપસિંહ લોડાયા | રવા | ૨૬ |
| | તેરા | TRDH | હાર્દિકા કીર્તીભાઈ ખેતશી ધરમશી | તેરા | ૨૩ |

## આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૧૧-૧૧ | મુલુંડ | SIMO110303 | નિમિત મહેન્દ્ર ડુંગરશી મોમાયા | સાંયરા | ૨૮ |
| | મુલુંડ | A | દિવ્યા રમાકાંત શીવજી જોષી | વિંઝાણ | ૨૫ |
| ૨૮-૧-૧૨ | ઘાટકોપર | A | આશિષ ચંદ્રકાંત હરખલાલ ગાંધી | ઉના | ૨૬ |
| | મુલુન્ડ | SUDU050503 | પુજા (પિંકી) ચંદ્રકાંત (ચેતન) રાયચંદ ધુલ્લા | સુથરી | ૨૬ |
| ૫-૨-૧૨ | ડોંબિવલી | A | ધીરજ ભવાનજી પાસડ | ભોજાય | ૪૭ |
| | ભાંડુપ | DALI | નંદા રૂપચંદ લાપસીયા | દલતુંગી | ૪૬ |
| ૧૫-૨-૧૨ | નાસીક | SUDH | તિમીર ચંદ્રકાંત પદમશી ધરમશી | સુથરી | ૪૧ |
| | થાણા | A | નિશા લક્ષ્મણ શીંદે | મોહ (નાસીક) | ૩૯ |
| ૨૮-૧-૧૨ | રાયપુર | SNMA011704 | સમિત હીરાચંદ ખીમજી મૈશેરી | નાનીસિંધોડી | ૨૭ |
| | ધમતરી | A | સુનયના રવિન્દ્ર માને | ધમતરી | ૨૬ |
| ૨૫-૧-૧૨ | મુંદ્રા | SDLO012003 | હીરેન શાંતિલાલ પદમશી લોડાયા | સાંધવ | ૨૮ |
| | | A | દીપા રાજેશ જાધવ | | ૨૦ |

## મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧-૨-૧૨ | હુબલી | VRVK020101 | કરમચંદ આણંદજી ધારશી વિકમશી | વરાડીયા | ૮૬ |

## તીરપુર દર્શન

કર્ણાટક, કેરાલા, પોંડીચેરી, તામીલનાડુ વગેરે નામ પડતાં જ ત્યાંની નૈસર્ગિક વાતાવરણની યાદ તાજી થઈ જાય. નાની નાની હોડીઓ, બોટ, સ્ટીમર, નાળીયેરીના વન, કેળાના બગીચા, સમુદ્રતટ અને એવું બધું. કુદરતી સૌંદર્યથી ભરપુર દશ્યો આંખ સામે આવે. નાનકડા ગામોમાં નિર્દોષ વાતાવરણનું શાંત પ્રાકૃતિક જીવન ખરેખર માણવા જેવું છે. જે હંમેશા યાદ રહી જાય. ત્યાંની ગ્રામ્ય જીવનશૈલી અને ત્યાંના વતનીઓની મદદરૂપ થવાની ભાવના અને પ્રેમાળ પ્રકૃતિ સૌને ભેળવી દે. ખેતીવાડી અને નિસર્ગ પર અપાર પ્રેમ.

આજે તિરપુરની વાત કરીએ. હાલમાંજ તિરપુર જવાનું થયું. ત્યાં અમારા ગામવાસી રહે છે ત્યાં ઉતર્યા. એમણે કોઈ સગા સંબંધીથી ય વિશેષ માનપાન જાળવી સરભરા કરી. ગામમાં સુવિધિનાથ પ્રભુનું સુંદર નાનકડું જિનાલય છે. અચલગચ્છ સંપ્રદાય સંભાળે છે. નાનકડું ઉપાશ્રય પણ છે. વર્ષોથી ત્યાં આપણાં શ્રી જેઠુભાઈ મોમાયાનો પરિવાર રહે છે. તિરપુરમાં જ્ઞાતિના ૮ ઘર છે એ ઉપરાંત મારવાડી જૈન પરિવારો પણ છે. ત્યાં બધા સાથે મળી ધર્મ આરાધના કરે છે. જિનાલયની શુધ્ધિ ખુબ ચીવટથી થાય છે. પક્ષાલ-પુજા આદિ ખુબ સુંદર રીતે થાય છે. પર્વ આરાધના પણ સારી થાય.

ત્યાંથી ૭૦ કી.મી. દુર અવલ કુરડાઈ નામે ગામે પાર્શ્વનાથની પ્રતિમાં જમીનમાંથી મળેલા છે. જે પ્રતિમાના દર્શનાર્થે અનેક ભાવિકો પધારે છે. વિશાળ સંકુલમાં ઉપધાન આદિ તપ આરાધના થાય છે. અમને સૌ. પુષ્પાબેન હંસરાજ નાગડાએ દર્શનાર્થે લઈ જઈ લાભ અપાવ્યો. એ તીર્થ ઈરોડથી નજીક છે.

ખરેખર તીર્થપુર તીર્થ દર્શન કરી ધન્યતા અનુભવી. કહ્યું છે કે, સારા અનુભવો હંમેશા વહેંચવા જોઈએ જેથી અનુમોદના થાય.

*- રેવંતી રાયચંદ નાગડા (કોલકતા)*

# કચ્છ સુજાપુર તીર્થે શ્રી અજિતનાથ જિનાલયની પૂનઃ પ્રતિષ્ઠા
## બાદ પંચમી ધ્વજારોહણ શુભદિન : રવિવાર તા. ૨૯/૧/૨૦૧૨


























C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Saturday / Monday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# એકતા લેન્ડ ડેવલોપર્સ દ્વારા નલીયામાં તા.૫-૨-૨૦૧૨નાં પ્રથમ ઇનામી ડ્રોની ઝલક


મહેમાનોનું સ્વાગત કરતાં શ્રી કિરણભાઈ મોતા



એકતા લકી ડ્રો ટોકન બૉક્સ મશીન


એકતા લેન્ડ ડેવલોપર્સના મિત્રો


ટોકન વ્યવસ્થાનું નિરીક્ષણ કરતા મહેમાનો


લકી ડ્રો કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય


ટોકન કલેક્શન કાઉન્ટર


લકી ડ્રો કાર્યક્રમની તૈયારી


કાર્યક્રમમાં સંબોધન કરતા શ્રી કિરણ મોતા


લકી ડ્રો ટોકન કાઢતા કુ. ધારિણી મોતા


લકી ડ્રો ટોકન કાઢતા બાળકો



લકી ડ્રો પ્રસંગે મંચસ્થ મહાનુભાવો



ઈનામી નેનો કારની ચાવી સ્વીકારતા મહેશ નાગડા


કાર્યક્રમ પ્રસંગે પધારેલ સભ્યો


કાર્યક્રમ પ્રસંગે પધારેલ સભ્યો


શ્રી હકુમતસીંહજી જાડેજાનું સન્માન


શ્રી લહેરચંદ ખોનાનું સન્માન


શ્રી સતીશ ઠક્કરનું સન્માન



એકતા પરિવારના સભ્યો

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**